Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨ • તા. ૧૧ જાન્યુઆરી ૨૦૧૬ થી ૧૭ જાન્યુઆરી ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

KDO GLOBAL SUMMIT

IT & EMERGING BUSINESSES

Date : 8th & 9th January 2016
Venue: Taj Vivanta, Yeshwantpur Bangalore

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – બેંગલોરના યજમાન પદે
કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈ.ટી. એન્ડ ઈમરજીંગ બિઝનેસનો શુભારંભ
કે.ડી.ઓ.ને વાયબ્રંટ બનાવવાના યુવા સંકલ્પ થી પ્રગતિનો ઝંઝાવાત અનુભવાયો.

❖ પ્રવાહ પલટનાર ગ્લોબલ સમિટના સફળ સુકાનીઓ ❖

ડાબે થી જમણે : બેંગલોર મહાજનના સેક્રેટરી શ્રી મિતેશ પી. શાહ, પ્રમુખ શ્રી સતીશ શાહ, આયોજનના દ્રષ્ટા શ્રી તિલકભાઈ લોડાયા (ચેન્નઈ) ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ બી. ખીમજી (મુંબઈ), બેંગલોર મહાજનના ખજાનચી શ્રીમતી હેમાબેન છેડા

Shri.
Bhawanji Arjan Khimji

EVENT PARTNER OF GLOBAL SUMMIT

SHRI HANS BHAWANJI ARJAN KHIMJI

Shri.
Hans Bhawanji Khimji

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – બેંગલોરના યજમાન પદે
કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈ.ટી. એન્ડ ઈમરજીંગ બિઝનેસનો શુભારંભ

ઈવેન્ટ પાર્ટનર હંસ બી. ખીમજીને આવકારી રહેલા બેંગલોર મહાનજનના સેક્રેટરી શ્રી મિતેશ શાહ અને ખજાનચી શ્રીમતી હેમા છેડા

ઉદ્‌ઘાટક શ્રી નંદન નીલેકેની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહેલાશ્રી હંસ ખીમજી અને શ્રી ભરત ખીમજી

મંચપર શ્રી નંદન નિલેકેનીને આવકારી રહેલા શ્રી તિલકભાઈ લોડાયા (હાથ મેળવતા) તેમજ જ્ઞાતિ મહાનુભાવો
(શ્રી નિલેકેનીના ડાબે : ડાબેથી જમણે) પુનાના ઓસવાલ ટ્રસ્ટના શ્રી મિલન પટેલ, હૈદરાબાદ મહાજનના સેક્રેટરી
શ્રી મોનિક ધરમશી, મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, હુબલી મહાજનના પ્રમુખ શ્રી ભરત ખીમજી,
(શ્રી તિલકભાઈના ડાબે : ડાબેથી જમણે બેંગલોર મહાજનના પ્રમુખ શ્રી સતીશ શાહ, ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ બી. ખીમજી,
બેંગલોર મહાજનના સેક્રેટરી શ્રી મિતેશ શાહ અને ખજાનચી શ્રીમતી હેમા છેડા

મંચસ્થ મહાનુભાવો

દિપ પ્રાગટ્ય

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

: તંત્રી :

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

સમિતિ સભ્યો

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

અંક નં. 02/2016

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

C/o. Shri R. R. Nagda, Advocate High Court

29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

આશાની છીપમાં સિદ્ધિનાં મોતી... – ગીતા જૈન

કોયમ્બતુર-તામીલનાડુની શિબિરમાં આવતા એક બહેન ખૂબ જ જિજ્ઞાસુ અને જ્ઞાનવાંચ્છુ ! – વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછે, સ્વાભાવિકપણે જ એમના પ્રત્યે ધ્યાન ખેંચાય. પોતાના ઘરે પણ યોગ અને સ્વાસ્થનું એમનું ચિંતન ચાલે એટલે આવતાં વેંત નોટમાં લખેલા પ્રશ્નો પૂછીને જ જંપે ! છેલ્લા દિવસે થાકી કે કંટાળી જવાય એવા આગ્રહથી એ અમને એમના ઘરે લઈ જ ગયા !

એમના પતિ સાથે મુલાકાત થઈ, એ પહેલા જ પરિચયે એમના વ્યક્તિત્વની શાલીનતા મન પર છવાઈ ગઈ. ખૂબ જ સંપન્ન અને સૌજન્યતાથી ભરપૂર ! પોતાની પત્ની પાસેથી શિબિરની ઘણી વાતો સાંભળી હોઈ એઓ પણ અમને મળવા આતુર હતા. એ થોડા સમયની મુલાકાત લાંબા સમયની મિત્રતામાં ફેરવાઈ ગઈ અને ક્યારે ભાઈચારામાં બદલાઈ ગઈ એ ખબર જ ન પડી. દીપાબેનનો અતિ આગ્રહ મારા માટે સુખદ રહ્યો.

બીજી વાર કોયમ્બતુરમાં શિબિરનું આયોજન થયું ત્યારે એ ભાઈ પોતાની પુત્રી સાથે જોડાયા. સમાપનના દિવસે માઈક પર પોતાના અનુભવ સંભળાવતા એમની આંખોમાંથી આંસુ વહી નીકળ્યા. ભાવુકતા માત્ર સ્ત્રીઓનો જ થોડો ગુણ છે ! આકર્ષક અને શિસ્તબદ્ધ વ્યક્તિત્વ ધરાવતા દીપકભાઈની કરૂણતા-મૃદુતા છલકાઈ ગઈ ત્યારે એમની ભીનાશને અનુભવવા મળી !

એઓ અમને આશ્રમો જોવા લઈ ગયા હતા, જે અનાથ બાળકોના, અપંગ બાળકોના, મેન્ટલી રિટાર્ટેડ બાળકોના હતા. એ મુલાકાતો સામાન્ય કરતાં કંઈક અલગ લાગી. જે સંસ્થામાં જઇએ ત્યાંના બાળકોના ચહેરા પર દીપકભાઈને જોઈને હાસ્ય ફરકી જાય. કોઈ નમસ્તે કરે, કોઈ વ્હાલ કરે, કોઈ પપ્પા કહેતાં કહેતાં વળગી પડે. આવા ભાવવિભોર દશ્યોથી મનમાં આશ્ચર્ય મિશ્રિત શાતા ફરી. વળી, એ આ બધાથી કેવી રીતે સંકળાયેલા છે એની પૃચ્છા કરતાં એ એક નાની ઘટનાના સંસ્મરણોમાં ખોરવાઈ ગયા.

દીપાબેન અને દીપકભાઈ દાવડાની મોટી પુત્રી નિકિતા ૧૨મીમાં ૯૫% એ ઉત્તીર્ણ થઈ ત્યારે તામીલનાડુની પ્રથમ શ્રેણીની પીએસજી. ટેક. કૉલેજમાં એને મેરિટમાં પ્રવેશ મળી ગયો. દીપકભાઈએ આ ખુશીને વ્યક્ત કરવા માટે લાડુ બનાવડાવ્યા. લાડુમાં જેમ જેમ બુંદી ગોઠવાતી જાય છે તેમ તેમ એમના મનમાં વિચાર ગોઠવાવા લાગ્યા કે માત્ર પિરચિતોને જ લાડુ મોકલવા કરતાં આશ્રમોમાં જવું જોઈએ.

એમણે કોઈમ્બતુરના આશ્રમોના સરનામાની ભાળ મેળવી, સંપર્ક સાધ્યા અને એક આશ્રમની પસંદગી કરી. નાના ભૂલકાંઓની સ્થિતિ જોઈને વ્યથિત પણ થયા; ને લાડુની પ્રાપ્તિ પછી બાળકોના ચહેરા પરનો આનંદ પણ તેમણે વાંચ્યો. કોઈ બચ્ચું એમના પગે વળગ્યું તો કોઈએ હાથ મીલાવ્યો અને પપ્પા ! બાય બાય ! ની કિલકારીથી એઓ પ્રસન્ન થઈ ઊઠ્યાં. કોઈ એક સ્થાન, બાગ હૉટલ કે મોલ પસંદ પડે તો ફરીવાર જવાની ઈચ્છા થાય જ ને ! દીપકભાઈને મળેલા આ નિર્દોષ આનંદથી એમણે ફરી ફરી આશ્રમ મુલાકાતનો સંકલ્પ કર્યો.

ક્રમશઃ એમના સંકલ્પને પુષ્ટિ મળે, ઘગશ આગળ વધે એવા વિચાર આવતા ગયા. કોઈના લગ્ન, જન્મ-દિવસ આદિ પ્રસંગોએ વધેલા ભોજનની વાત આવતાં જ એ દોડી જતા, ઑટોરિક્ષાના સહારે આશ્રમમાં વિતરણ કરી આવતા. વાત ફેલાતી ગઈ, મિત્રો સુધી વિસ્તરી. દીપકભાઈના ચહેરા પરની

જાહેરાતકર્તાઓને વિનંતિ

પ્રકાશ-સમીક્ષામાં જાહેરાત છપાયાના બીલ મળ્યા પછી પણ અને અનેક રીમાઈન્ડરો આપવા છતાંયે ઘણા જાહેરાતકારો ૧૦ થી ૧૨ મહિના સુધી તેની ચૂકવણી કરતા નથી તેવા અનેક અનિચ્છનીય અનુભવોને અનુલક્ષીને હવેથી જે જાહેરાત કર્તાઓની તેમની પોતાની વ્યક્તિગત કે સંસ્થા-મહાજનો કે તેમની મારફત વ્યક્તિગતસમૂહ કે સંસ્થા સમુહના નામે અપાયેલ જાહેરાત પ્રકાશિત થયા પછી બે મહીનામાં તેની ચૂકવણી નહીં કરવામાં આવે તેવા કિસ્સાઓમાં તેમણે કે તે સંસ્થા મહાજનોએ તેમની તે પછીની કોઈ પણ જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં અગાઉનાં બાકી બીલની રકમ ઉપરાંત પ્રસ્તાવિત નવી જાહેરાતની રકમ પણ અગોતરીચૂકવવાની રહેશે તેની નોંધ લેવા વિનંતિ.

નિરંતર શાંતિ અને ખુશીનો રાઝ, મિત્રોની સમજમાં આવી જતાં, જોડાતાં ગયા.... દીપકભાઈના મનમાં છવાઈ રહેલી આશાને સૌએ ભેગા થઈને 'અન્નક્ષેત્ર' નામની સંસ્થાનું રૂપ આપ્યું. સર્વ પ્રથમ કાર્યનો આરંભ જલારામબાપાના દિવસ-ગુરૂવારથી કર્યો. દર ગુરૂવારે સવારે આશ્રમમાં ઉપમા ચટણી પહોંચાડવા જતા. આ સંસ્થામાં કોઈ પદાધિકારી નથી, સર્વે સ્વયંસેવકો જ છે. નિઃસ્વાર્થ ભાવે ખિસકોલી કૃત્ય કરતાં કરતાં પણ એમને મિત્રો મળી ગયા. આ મિત્રો વેપારી, ઉદ્યોગપતિ અને અતિ વ્યસ્ત હોવા છતાં દરરોજ સવારે ૬ થી ૯નો સમય આ 'અન્નક્ષેત્ર'ની કાર્યવાહી જાતે જ સંભાળે છે.

ધીરે ધીરે અલગ અલગ આશ્રમોમાં સ્વયંસેવકો જવા લાગ્યા તેમ તેમ લોકો પણ પ્રસંગોપાત વિશેષ રૂપે સહાય મોકલવા લાગ્યા. આશ્રમના બાળકોના ચહેરા પરનો આનંદ એમના માટે પ્રેરણારૂપ બનતો ચાલ્યો.

સ્વયંસેવકો વધ્યા, સહાય વધી એટલે આશ્રમોમાં ઉમેરો કરતા ગયા. નાસ્તો બનાવવા અન્નપૂર્ણા મેસનો સંપર્ક કર્યો. એના માલિકે સહર્ષ જવાબદારી ઉઠાવી. દરરોજનો નાસ્તો તૈયાર કરીને સમયસર આપવા લાગ્યા. સ્ટાર સ્કૂલના મૂંગા બાળકોએ હાથના ઈશારાથી ઈડલી ખાવાની રજૂઆત કરી અને પછી તો ઉપમા-ઈડલીની સાથોસાથ સેવઈ, પોંગલ, મીઠાઈ, બિસ્કીટ્સ વગેરે વગેરે ઉમેરાતું ગયું.

લોકોએ આમનું આ ઉમદા સેવા કાર્ય જોઈ દાન આપવાનું શરૂ કર્યું. લગ્નદિવસ, જન્મદિવસ, શ્રાદ્ધ વગેરે નિમિત્તે અગાઉથી બુકીંગ થવા લાગ્યું.

દાનદાતાઓ ઇચ્છા હોય તો એમના સ્વહસ્તે નાસ્તો પીરસવાનું આમંત્રણ પણ અપાય. સવારે ૭ થી ૯ વાગ્યા સુધીમાં આ રીતે નાસ્તો પીરસાય.

'કામ કામને શીખવે' એ રીતે પોલીયોવાળા બાળકોના ઑપરેશન માટે ફંડની જરૂર ઊભી થતાં 'પલખ મુછ્છાલ'નો ગીત-સંગીતનો કાર્યક્રમ ગોઠવી ૧૮ બાળકોના સફળ ઑપરેશન કરાવ્યા.

દરરોજ બે વેનથી નાસ્તો મહિને દસ હજાર બાળકો સુધી પહોંચે છે. સાથોસાથ નોટબુક્સ, સ્કુલ ડ્રેસ, દવાઓ વગેરે પણ પૂરી પાડવામાં આવે છે. ૩૦૦ બાળકોને રોજ દૂધ આપવામાં આવે છે. કુલ ૨૩ આશ્રમોને આમાં આવરી લેવામાં આવ્યા છે. અનાથાલય, માનસિક, શારીરિક વિકલાંગ આશ્રમ, મૂંગા-બહેરા ઘરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એન્ડ કોર્નેગીનું વાક્ય યાદ આવે છે -'સંપત્તિ કેટલી છે તે ઉપરથી નહિ પણ તે સંપત્તિ સમાજ કલ્યાણમાં કેટલી વાપરી છે તેની જ સમાજમાં સંપત્તિવાન તરીકેની પ્રતિષ્ઠા નક્કી થાય છે.

'અન્નક્ષેત્રમ્'ને ૧૧ વર્ષ પૂર્ણ થયા છે અને આ મોટી સિદ્ધિ છે.

કોઈપણ પ્રાપ્તિની ખુશી નવી પ્રાપ્તિ સુધી જ અનુભવાતી હોય છે. ફરી કંઈક નવું મળે છે એમ જીવનની ઘટમાળ ચાલે છે. પણ નિકિતાબેટી અમેરિકામાં હોવા છતાં પોતાના ૯૫% માર્ક્સને ખુશ થઈને નિયમિત યાદ કરી લેતી હશે કે નાની ઘટનાના નાના બીજમાંથી આજે ઘટાટોપ વૃક્ષ મહોરી ઊઠ્યું છે !

પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર

પ્રકાર	સાઈઝ	કલર	બ્લેક/વ્હાઈટ
આખું પાનું	160 x 225 mm	9,000/-	5,000/-
અડધું પાનું	160 x 111 mm	5,000/-	2,700/-
પા પાનું	77 x 111 mm	3,000/-	1,500/-
૧/૮ પાનું	77 x 54 mm	-	800/-
૧/૧૬ પાનું	77 x 27 mm	-	450/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
"C D O Prakash Samiksha Samiti" and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પરદેશમાં પ્રકાશ સમીક્ષા

વિદેશમાં વસતા કેટલાક જ્ઞાતિજનોએ પ્રxસના અંકો પોસ્ટ દ્વારા મંગાવવાનું શરૂ કર્યુ છે. આવા અન્ય ઈચ્છુક જ્ઞાતિજનો પોતે અથવા અત્રે દેશમાં વસતા તેમના સંબંધીઓ મારફતે રૂા.૨૫૦૦/-નું વાર્ષિક લવાજમ ભરી શકે છે. ભવિષ્યમાં વિદેશ માટેના પોસ્ટેજ ચાર્જીસમાં વધારો થશે તો ઉક્ત લવાજમમાં પણ વધારો કરાશે તેની નોંધ લેવા વિનંતિ.

શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ

શ્રી સુથરી જૈન સંઘ

નરશી કોટન, ૩જે માળે, એમજીન ચેમ્બર, ૧૦, વિદ્યાનગરી માર્ગ, કાલીના, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૯૮

શ્રી સુથરી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલય સહીરક દશાન્હિકા મહોત્સવે
પધારનાર સુથરીવાસી તથા નિયાણી પરીવાર એ ભરી મોકલવા માટેનો ફોર્મ.

પ્રતિ, શ્રી સુથરી જૈન સંઘ

મોકલનારનુંનામ : ____________________

એડ્રેસ ____________________

____

ટેલી. નં. ____________ મોબાઈલ નં. ____________

KDO વસ્તીપત્રક નંબર ____________ E-mail : ____________

સુથરીવાસી નિયાણી પરિવાર ઓળખ ____________

(૧) આપની પોતાની જગ્યા છે કે નહી ? હા ☐ ના ☐

(૨) જો જગ્યા નથી તો આપને ઉતારાની વ્યવસ્થા જોઈશે કે નહીં? હા ☐ ના ☐

(૩) આપશ્રી આપના પરિવાર સાથે સુથરી તા. ______ થી તા. ______ સુધી રોકાણ કરશો. ટિકિટની ઝેરોક્ષ કોપી મોકલવા વિનંતી.

(૪) આપશ્રી આપના વાહનથી પધારશો કે જાહેર ટ્રાન્સપોટથી. ____________

(૫) આપશ્રી કેટલા જણ પધારવાના છો. પુ. ______ સ્ત્રી ______ બાળક ______ ટોટલ ______

નોંધ : (૧) તા.૨જી ,૩જી તથા ૯ મે મુંબઈથી સયાજી / કચ્છ એકસપ્રેસ દ્વારા ભુજ સ્ટેશન પહોંચનાર માટે તા.૩જી, ૪થી તથા ૧૦ મે ના પહોંચનારની બસ વ્યવસ્થા ભુજ–સુથરી આપ અગાઉથી જાણ કરશો તો તેઓની વ્યવસ્થા શ્રી સુથરી જૈન સંઘ દ્વારા કરવામાંઆવી છે.

(૨) ટ્રેનની સેકન્ડ કલાસ ટીકીટના પૈસા સુથરી પહોંચ્યા બાદ ટીકીટની ઝેરોક્ષ કોપી આપવાથી રીફંડ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી સુથરીમાંજ આપવામાંઆવશે.

(૩) આપશ્રી આ ફોર્મ સાથે આપની મુંબઈ–ભુજ જવાની ટીકીટ ની ઝેરોક્ષ કોપી જરૂરથી મોકલશો તો જ ઉતારાની વ્યવસ્થા કરી શકાશે.

(૪) રૂમોની વ્યવસ્થા રાપર ગઢવાળી – કોઠારા – ડુમરા – સાંધાણ – સાંયરા કરવામાંઆવશે.

(૫) એક રૂમમાં ૬ થી ૧૨ જણનો સમાવેશ થાય એ પ્રમાણે ફાળવણી થશે. જેની નોંધ લેશોજી.

(૬) ઉપરોકત સર્વે વ્યવસ્થા ના નિર્ણય સમિતિ ને આધીન રહેશે.

Dear Sutharivasi & Niyani Pariwar, as we are updating our address list you are requested to fill the form on link given : **http://tinyuri.com/suthari.** and send them soon as possible.
For query & enquiry contact : 099309 22366 (Amit Dhulla)

We have made SMS services for Sutharivasi & Niyani Pariwar available.
(To register yourself kindly send an SMS to 92200 92200 TYPE **GRUT**

CONTACT
Kirti 98331 52695 Dollar 98335 31995 Chetan 98210 70710 Kirit 98210 49372
Vardhman 9833585280 Ramesh 9892003940 Nitin 9821032242 Vijay 9869703353

પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યુ છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

જિન પુજા

પ્રશ્ન - અચલગચ્છમાં ચંદનપૂજાનો ક્રમ શું છે ?

ઉત્તર : અચલગચ્છમાં ચંદનપૂજાનો ક્રમ નીચે મૂજબ છે - (૧) જમણા પગના અંગુઠે (૨) ડાબા પગના અંગુઠે (૩) જમણા પગના ઢીંચણે (૪) ડાબા પગના ઢીંચણે (૫) જમણા કાંડે (૬) ડાબા કાંડે (૭) જમણા ખભે (૮) ડાબા ખભે (૯) નાભિ કમળ (૧૦) હૃદય કમળ (૧૧) કંઠે (૧૨) લલાટે અને (૧૩) મસ્તકે

આ ક્રમથી ચંદન પૂજા કરવાની છે. દરેક અંગે કરેલી પૂજાનું વિશેષ મહત્વ હોય છે. પૂજાના એક એક અંગના દુહા છે જેમાં એ-એ અંગનો પૂજાનું મહત્વ જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન - અચલગચ્છમાં નવમા તિલકથી તેરમા તિલક સુધી ઉપર ઉપર જવાનું છે, જ્યારે અન્ય સંપ્રદાયોમાં નવમા તિલકથી તેરમા તિલક સુધી ઉપરથી નીચે ઉતરવાનું છે આવું શા માટે ?

ઉત્તર : પ્રત્યેક ક્રિયાની પાછળ પ્રત્યેક સંપ્રદાયના પ્રવર્તક આચાર્યોની સ્વ માન્યતા હોય છે. એકથી આઠ તિલકમાં બાહ્ય અંગોની પૂજા છે. જ્યારે નવમા તિલકથી તેરમા તિલક સુધીની પૂજા ધ્યાન અંગોની પૂજા છે. ધ્યાન દ્વારા આત્માની ઉર્જાને ઉર્ધ્વગામી બનાવવાની છે. નાભિ કમળમાં આઠ રૂચક પ્રદેશ છે જે કર્મથી મુક્ત છે. આપણે સંપૂર્ણ આત્માને કર્મથી મુક્ત બનાવવાનો છે. એટલે નાભિથી પ્રારંભ કરીને મસ્તક સુધી પહોંચવાનું છે. આત્મ શક્તિનું ઉર્ધ્વીકરણ કરવાનું છે. આત્મશક્તિને ઉર્ધ્વગામી બનાવવાની સાધના જીવનમાં ન આવે તો એ શક્તિ વિષયોમાં જોડાઈને અધોગામી બને છે.

નાભિકમળ પાસે કુંડલીની શક્તિ રહેલી છે. આ કુંડલીના જાગૃત થઈને વચ્ચેના ચક્રોનું ભેદન કરતી બ્રહ્મરેન્દ્રમાં પહોંચે છે

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામી નમઃ || || શ્રી જ્વાલામાલિની નમઃ ||

શ્રી લાલા તીર્થે ધ્વજારોહણ ઉત્સવ

મહાસુદ ૫, શુક્રવાર તા. ૧૨-૨-૨૦૧૬ સવારના

ત્રિવેણી સંગમ

વસંતપંચમી • જ્ઞાન પંચમી • જિનાલયની વર્ષગાંઠ

શ્રી લાલા ચંદ્રપ્રભુજી ભગવાનના જિનાલયની વર્ષગાંઠ ના શુભ પ્રસંગે ઉપરના દિવસે **ધ્વજારોહણ ઉત્સવ** રાખવામાં આવેલ છે.શુભ દિવસે સવારના શ્રી વ્યાસ જી દ્વારા **સત્તર ભેદી** પુજા ભણાવવા મા આવશે.

સર્વે શ્રી લાલા ગામવાસીઓને આ મંગલ અવસરે પધારવા, ટ્રસ્ટ મંડળ વતી હાર્દિક આમંત્રણ છે.

સર્વેને જય જિનેન્દ્ર... પ્રણામ...

HAPPY NEW YEAR

એજ લિ.

શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ

પ્રમુખશ્રી — શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા

ઉપપ્રમુખ — શ્રી નવીનભાઈ હીરજી દંડ

બીજા વર્ષાન્તે શ્રદ્ધાંજલિ



અરિહંત શરણ **તા. ૪.૧.૨૦૧૪**

સ્વ. શ્રી હીરાચંદ કરમશી પટેલ (નાગડા)

શ્રદ્ધા સુમન અર્પણ

શ્રીમતી હીરાવંતી હીરાચંદ પટેલ (નાગડા)

દાઃ

પુત્રોઃ	નવીન, તારક, મીલન, નુરેશ
પુત્રવધુઓઃ	સૌ. વર્ષા નવીન, સૌ. ભારતી તારક, સૌ. ડોલી મીલન, સૌ. મીનલ નુરેશ
પૌત્રોઃ	ચિ. કુંજ, ચિ. દિવ્ય, ચિ. રાજ.
પૌત્રીઓઃ	સૌ. ઝલક જીગર કુલીનકાન્ત મહેશ્વરી ચિ. સલોની, ચિ. ઋતુ.
દોહિત્રઃ	ચિ. અંશ

ત્યારે આત્માને અનેક શક્તિઓ - સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

ધ્યાન માર્ગના અઠંગ આરાધક શ્રીમદ્ મેરુતુંગ સૂરીશ્વરજી મ.સા. જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્રમાં ધ્યાન અંતર્ગત જણાવે છે -

નાભિદેશોદ્ભવન્નાલે, બ્રહ્મરંધ્રપ્રતિષ્ઠિતે,

નાભિ પ્રદેશમાંથી નાળ (કમળના દાંડી જેવી) ઉર્ધ્વગામી બનીને બ્રહ્મરંધ્ર એટલે મસ્તક સુધી પહોંચીને પ્રતિષ્ઠિત થાય છે.

આપણે આ ક્રિયાને લક્ષમાં રાખીને શક્તિ ઉર્ધ્વગામી બનાવી વિતરાગતાની મસ્તી માણવાની છે.

વિશ્વનું સ્વરૂપ પણ આપણા શરીર જેવું જ છે, એ પ્રમાણે વિચારતાં નાભિપ્રદેશ એ મધ્યલોક છે. જ્યાં આપણો વાસ છે. મનુષ્યગતિમાંથી નિકળેલો આત્મા સાધના કરીને જ્યારે મોક્ષમાં જાય છે ત્યારે ક્યાંય આડો અવળો ન જતાં સીધો મોક્ષ નગરીમાં બિરાજમાન થાય છે. એટલે જે આપણે પૂજા કરીએ ત્યારે નાભિથી ઉપર સીધા સિધ્ધશીલા સુધી પહોંચવાનો ક્રમ જાળવીએ છીએ. સિધ્ધશીલા ઉપર સીધા સિધ્દશીલા સુધી પહોંચવાનો ક્રમ જાળવીએ છીએ. સિધ્ધશીલા ઉપર પહોંચેલો જીવ પછી ક્યાંય નથી જતો તેવીજ રીતે આપણે આપણી પૂજાને પણ ત્યાંજ વિરામ આપીએ છીએ. મસ્તકે તિલક કર્યા પછી ક્યાંય તિલક કરતા નથી.

જે પૂજાનો પ્રારંભ અંગુઠેથી થાય છે તે પૂજાની પૂર્ણાહૂતિ ક્યાં થવી જોઇએ ? એવો વિચાર કરીએ તો પણ સમજાય કે એ પૂજાની પૂર્ણાહૂતિ મસ્તકે જ થવી જોઇએ.

આવી રીતે ભાવપૂર્વક કરેલી વિતરાગની પૂજા જીવનમાં વિતરાગતા લાવી સમતાની વૃદ્ધિ કરાવે છે. તેથી જીવનમાં ચંદન જેવી શીતલતા આવે છે.

પ્રશ્ન - શું પરમાત્મી ચંદન પૂજામાં મોટી બહેનો ધોયેલા વસ્ત્ર વાપરી શકે ?

ઉત્તર : અરિહંત પરમાત્મા ત્રણ લોકના નાથ છે. વિશ્વની એક અદ્ભૂત વિભૂતિ છે. એમની પૂજા માટેના સર્વ દ્રવ્યો શ્રેષ્ઠ અને ઉચ્ચ કોટિનાજ હોવા જોઈએ. એવી જ રીતે એમની પૂજા માટે.... એમને સ્પર્શ કરવા માટે વસ્ત્ર પણ અત્યંત શુધ્ધ હોવા અતિ આવશ્યક છે. ત્રણ લોકના નાથ પ્રત્યેના આપણા ઉચ્ચ ભાવોને ટકાવી રાખવા, એમની યોગ્ય મર્યાદા જાળવવી જ જોઈએ. એમાં કોઈ બાંધછોડ ન થઈ શકે. પૂજાના વસ્ત્રો સંસારના કોઈ પણ કાર્યમાં ન વપરાયેલા તેમજ જેનાથી ભોજન આદિ ક્રિયાઓ પણ નથી થઈ એવા ખાસ પ્રભુ માટે રાખેલા જ વસ્ત્રો જોઈએ. સામાન્ય ઘરમાં વપરાતા વસ્ત્રો બાથરૂમ-સંડાસ-ભોજન આદિમાં પણ વપરાય છે. ઘરમાં અંતરાયનું (M.C.નું) પાલન ન થતું હોય તો તે વસ્ત્રોને અન્ય અડતા પણ હોય એવા વસ્ત્રો ત્રણલોકના નાથની પૂજામાં ન જ વાપરી શકાય. આવા વસ્ત્રોથી પૂજા કરવાથી આપણે પ્રભુજીની આશાતનાજ કરીએ છીએ. આપણી ચાલી આવતી મર્યાદા તો આપણને શુધ્ધ પૂજાના વસ્ત્રો વિના ગભારા (ગર્ભગૃહ)માં પણ પ્રવેશ આપતી નથી. તો શુધ્ધ વસ્ત્રો વિના પ્રભુજીને સ્પર્શ-પૂજા કેવી રીતે થઈ શકે ?

શ્રી સચ્ચાઈ માતાય નમઃ શ્રી ભલારા દાદાય નમઃ શ્રી સુરાપુરા દાદાય નમઃ

શ્રી સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન

મોટી ખાવડી, નાની ખાવડી, દલતુંગી, ગોરખડી

મોટી ખાવડી મુકામે નમતા લોડાયા પરિવારના સર્વે ભાવિકોને જય જિનેન્દ્ર - જય માતાજી

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે મોટી ખાવડી ગામમાં બિરાજમાન લોડાયા પરિવારના દેવસ્થાન શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારા દાદા, શ્રી સુરાપુરા દાદાની ધજા ચૈત્ર સુદ ૧૩ને **મંગળવાર, તા. ૧૯-૦૪-૨૦૧૬ના તથા ગંધી બદલાવવાની વિધી** તેમજ સાંજના ભલારા દાદાનો પાઠ રાખેલ છે. **ચૈત્ર સુદ ૧૨ને સોમવાર, તા. ૧૮-૦૪-૨૦૧૬ના હવન રાખેલ છે. તો સર્વે ભાવિકોને સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

સર્વે ભાવિકોને કમિટી મેમ્બર પાસે ફાળો લખાવવા નમ્ર વિનંતી છે. ધુપ-દિવેલનો માસિક નકરો રૂા. ૧૧૦૦/- રાખેલ છે. જે કોઈપણ ભાવિકની ઇચ્છા હોય તો કમિટી મેમ્બર પાસે પોતાના નામ લખાવી શકે છે. સર્વે ચડાવા મંગળવાર, તા. ૧૯-૦૪-૨૦૧૬ના સવારે ૦૯.૦૦ કલાકે સ્થાનિક મંદિરમાં બોલવામાં આવશે. જેની સર્વે ભાવિકો નોંધ લેશોજી.

-: કમિટી મેમ્બરનો સંપર્ક નંબર :-

ભરત પાસુભાઈ લોડાયા	09833772735	સોમચંદ કરમશી લોડાયા	09322076748
કીરીટ કાંતીલાલ લોડાયા	09920472971	જગદીશ લધુભાઈ લોડાયા	09974705957
દિનેશ કુંવરજી લોડાયા	09322967701		

શ્રી સુસભ લોડાયા પરિવારના જય જિનેન્દ્ર ! જય માતાજી !

યુવક - યુવતિ પરિચય મેળાવા

પ્રવિણચંદ્ર શામજી ધરમશી, કોઠારા - સુરત, મો.: 099789 03247

જ્ઞાતિમાં સગપણની સમસ્યા ખાસ કરીને યુવાનો અને વિશેષ કરીને દેશાવરમાં રહેતા યુવકોને ખુબ જ સાતવે છે. જેના માટે જ્ઞાતિ મહાજનો, જૈન જાગૃતિ ગ્રુપ જેવી સંસ્થાઓ યુવક-યુવતિ પરિચય મેળાઓ પણ યોજે છે. જ્ઞાતિના મુખપત્રો આ હેતુ સર નિશુલ્ક જાહેરાતો પણ છાપે છે. કોઈક જ્ઞાતિજન 'મેરેજ બ્યુરો' ધંધાદારી સ્તરે ચલાવે છે. આ સમસ્યા એટલી ઉગ્ર છે કે કોઈ જ્ઞાતિ સંસ્થા આશ્રમની દીકરીઓ સાથે જ્ઞાતિના લગ્નોત્સુક યુવકોનો પરિચય મેળો અને લગ્ન (સમુહ લગ્ન) પણ યોજે છે.

જ્ઞાતિના અન્ય ત્રણ પ્રશ્નો વારંવાર જ્ઞાતિના મુખપત્રોમાં ચર્ચાય છે કે જેના પર તંત્રી લેખો પણ લખાય છે તે છે : રહેઠાણ, આરોગ્ય અને શિક્ષણ સંબંધી છે જ્યારે લગ્નનો પ્રશ્ન સમસ્ત જ્ઞાતિના સત્વ, અસ્તિત્વ અને કે સામાન્ય જ્ઞાતિજન પણ ગંભીરતાથી લે અને લગભગ અશક્ય એવા એના સમાધાન માટે પોતાનાથી બનતા પ્રયાસ કરે.

મોટા ભાગના યુવક-યુવતિ પરિચય મેળાઓ લગભગ એકજ ઘરેડમાં યોજવામાં આવે છે. મેં વાલી તરીકે કે મહેમાન તરીકે જે ચારેક પરિચય મેળાઓમાં હાજરી આપેલ તેમાંથી બે પરિચય મેળા કંઈક વિશેષ લાગ્યા જેની વિશિષ્ઠતા અહીં રજૂ કરું છું. જે જો શક્ય હોય તો જ્ઞાતિની સંસ્થાઓ કે મહાજનો ભવિષ્યમાં યોજનારા પરિચય મેળામાં અપનાવી શકે.

૧) લગભગ દસેક વર્ષ પહેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ દ્વારા આયોજિત પરિચય મેળાની કેટલીક વિશેષ વ્યવસ્થાઓ જે અવિસ્મરિયણ અને આંખે ઉઠીને લાગે તે નીચે પ્રમાણે છે.

૧.૧) લગ્નોત્સુક ઉમેદરવાર સાથે એક વાલી માટે પણ આ પરિચય મેળાના અગાઉના દિવસે અને પરિચય મેળાના દિવસ પછી એક દિવસ રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. જેથી બહારગામથી આવનાર પોતાની બસ કે ટ્રેનના પ્રવાસનું યોગ્ય આયોજન કરી શકે. જેના માટે કોઈ ચાર્જ નહીં લેવામાં આવેલ.

૧.૨) પરિચય મેળા દરમ્યાન કુંડલીમાં માનતા પરિવાર માટે સ્થળ પર જ મહારાજની સેવા નિશુલ્ક રાખવામાં આવેલ.

૧.૩) પરિચય મેળામાં હાજર રહેલ યુવક-યુવતિઓના લોહીની નિશુલ્ક તપાસ પણ 'થેલેસમિયા'ની બીમારી માટે કરવામાં આવેલ. આ તપાસની લેબોરેટરીમાં ફી લગભગ ૫૦૦ રૂા. છે. આ એક અત્યંત પ્રગતિશીલ પગલું ગણાય અને બીમારીની સારવાર ખુબ જ ખર્ચાળ થઈ ગઈ છે ત્યારે કુંડલીના મેળાપ કરતાં લોહીના ગ્રુપનું મેચીંગ વધારે જરૂરી છે.

૧.૪) સાંજના સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમ ઉપરાંત ઉપસ્થિત ઉમેદવાર કે તેના વાલીને અ આયોજન સબંધે પ્રતિભાવ આપવાની તક પણ આપવામાં આવેલ.

૧.૫) કચ્છી જૈનોમાં સગપણની સમસ્યાની તિવ્રતા જોઈને આ પરિચય મેળામાં અન્ય કચ્છી જ્ઞાતિના યુવક-યુવતિઓનો પણ સમાવિષ્ઠ કરવામાં આવેલ.

૧.૬) દરેક લગ્નોત્સુક ઉમેદવારને પાત્રોના ફોટાવાળી 'બાયોડાટા'ની પૂસ્તિકા આપવામાં આવેલ, નહીં હાજર રહેલ પાત્રોને પાછળથી કુરિયર દ્વારા આ પુસ્તિકા મોકલવામાં આવેલ.

આયોજકોએ આ પરિચય મેળાને સફળ બનાવવા માટે જે જહેમત ઉઠાવેલ અને વ્યવસ્થા કરેલ તે પ્રશંસનીય ગણી શકાય અને આ પરિચય મેળા કરતી અન્ય સંસ્થાઓ માટે એક અનુકરણીય દૃષ્ટાંત બની શકે.

૨: લગભગ સાતેક વર્ષ પહેલાં સુરતમાં કોઈ સંસ્થાએ જૈનોના ચારે ફિરકકાઓ માટે આવો યુવક-યુવતિ પરિચય મેળો યોજેલ જેમાં કેટલીક વિશિષ્ટતાઓ નાચે પ્રમાણે લાગી.

૨.૧) લગ્નોત્સુક ઉમેદવાર સાથે તેના માતા-પિતા ને પણ હાજર રહેવાની વ્યવસ્થા રાખેલ.

૨.૨) જો આ પરિચય મેળામાં કોઈ યુવક-યુવતિનો સંબંધ બંધાય તો આ સંસ્થા દ્વારા ભવિષ્યમાં યોજનારા સમૂહ લગ્નમાં તેમના લગ્ન તદન નિશુલ્ક કરવાની જાહેરાત.

૨.૩) પરિચય મેળા દ્વારા સંબંધ થયેલ યુવક-યુવતિને લગ્ન (સમુહ લગ્ન) દરમ્યાન કન્યાને મંગલસૂત્ર તથા યુવકને સોનાની ચેન આપવાની જાહેરાત.

૨.૪) પરિચય મેળામાં કન્યાઓને હાજરી આપવા પ્રોત્સાહન રૂપે, રજીસ્ટ્રેશન ફી નું રીફંડ આપવામાં આવેલ.

આપણી જ્ઞાતિમાં સગપણ/લગ્નની સમસ્યા અન્ય જ્ઞાતિઓ કરતાં થોડી અલગ છે. આપણી જ્ઞાતિ સમસ્ત ભારતમાં તેમજ વિદેશમાં ફેલાયેલ છે. કેટલીક જગ્યાએ તો પાત્ર એકકે બે પરિવાર રહેતા કે તેની આસપાસ સ્થાઈ થયેલા છે. લગભગ ૬૦% જ્ઞાતિજનો મુંબઈ કે તેની આસપાસ સ્થાઈ થયેલ છે. બાકીના ૪૦% અન્યત્ર છૂટા છવાયા છે. સગપણની સમસ્યા મુંબઈમાં રહેતા ગરિબ અને મધ્યમવર્ગીય યુવાનો કે બહારગામના સાધન સંપન્ન પરિવારના યુવાનોને પણ સતાવે છે. બહારગામના ગરિબ કે મધ્યમવર્ગીય યુવાનો માટે તો એક જીવનસાથી સોધવાનો પ્રશ્ન ખુબ જ વિકટ છે.

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center

Since 1994

રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...

દવા, ઉપવાસ અને આડઅસર વિના વિજ્ઞાનિક રીતે જો સર્જરી કરાવવા જેવા રીઝલ્ટ આવતા હોય, અને બિમારીઓ નીકળી જતી હોય, દવાઓ બંધ થઈ જતી હોય તો લોકો ગમે ત્યાં જવા તૈયાર છે. એનુ ઉદાહરણ છે, અમારી પાસે ગુજરાત થી આવતા લોકો.

વર્ષાબેન એમાંના એક છે.જે શીલાઈનું કામ કરે છે, છતાં સફાળા થી, આવજાવ કરીને વજન ઉતાર્યું એ માટે એમનો નિર્ણય, ધીરજ અને મહેનત અભિનંદનનેપાત્ર છે.

નામ નહીં કામ બોલે છે

પહેલાં

પછી

પહેલાં

પછી

ટોટલ 19 કિલો ઉતર્યા ★ ટોટલ 130 ઇંચ ઉતર્યા

''૨ વર્ષા પહેલા મારી તકલીફોની શરૂઆત થઈ. વજન વધવા લાગ્યું. કમર, ઘુટણ, ખભા, અને સાંધાનાં તથા પેટમાં એપેન્ડીક્સનો દુખાવો થવા લાગ્યો. એસીડીટી ખૂબ થતી. માથુ એટલું દુખે કે મોડી રાત સુધી મટે નહીં અને ક્રોસીન, પેનજોન અને સેરીડોન જેવી ગોળીઓ લેવી પડતી અને ઉલટીઓ થાય. પેટમાં રોજ દુખે અને રોજ ફેમીલી ડૉટરને બતાવું પડે. ઘણીવાર ૫ દિવસનો દવાના કોર્સ કરતી. સફાળામાં એક્યુપ્રેસર કરાવ્યુ પણ ફરક પડયો નહીં. પછી ચલાતુ નહીં હાંફચડતી પરેશાન થઈ ગઈ હતી. ડૉટરની દવા લઉ તો એક મટેને બીજું ઉભુથાય.

''મેં રાજશ્રી યોગાની જાહેરાત જોઈને મારા હસબન્ડે જોઈન્ટ કરવા બાબતે પૂછયું તો એમણે કહ્યુક એમનેએમ કઈ ન થાય.શુ ગેરંટી કે ફરક પડશે કહી મજાકમાં ઉડાવતા છતા હું આવી મારી શ્રદ્ધાથી સારુ થઈ ગયું ઓપરેશાન ટળી ગયું બીમારી મટી ગઈ દવાઓ બંધ થઈ ગઈ. ૧૫ દિવસમાં જ મને ફરક પડી ગયા. હવે આખો દિવસ કામ કરુ છુ જરાય થાક લાગતો નથી.''

''રાજશ્રી યોગા ઈઝ ધ બેસ્ટ'' અપનાવવા જેવુ છે.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.
મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

આપણી જ્ઞાતિના મોટા ભાગના પરિચય મેળાઓ મુંબઈ કે મુંબઈની આસપાસ થાય છે. જ્ઞાતિએ મુંબઈમાં લગભગ ૩૦૦ જેટલા જ્ઞાતિ પરિવારોને લગભગ નિશુલ્ક કાયમ રહેઠાણની વ્યવસ્થા કરેલ છે. જ્ઞાતિના અસ્તિત્વ માટે જરૂરી યુવક-યુવતિ પરિચય મેળામાં બહારગામથી આવતા ઉમેદવાર અને તેમના વાલીઓ માટે ૨-૩ દિવસ રેહવાની તેમજ જમવાની વ્યવસ્થા નિશુલ્ક કરવી જોઈએ. જેથી પરિચય મેળામાં આવનાર ઉમેદવારોની હાજરી વધી શકે. જ્ઞાતિમાં અગાઉ કેટલાક જૈન શ્રેષ્ઠીઓએ 'યુથ એક્સચેંજ' ના કાર્યક્રમ કે હાલમાં થનાર 'ગ્લોબલ આઈટી સમિટ' જેવા કાર્યક્રમ 'સ્પોન્સર' કરેલ છે. ઘણી જ્ઞાતિ સંસ્થાઓ, મહાજનો કે શ્રેષ્ઠીઓ જ્ઞાતિના સામાજીક કે ધાર્મિક કાર્યક્રમમાં સારું અનુદાન આપે છે. આમ જ્ઞાતિમાં દાતાઓની અછત નથી.

જ્ઞાતિના યુવક યુવતિ પરિચય મેળાના આયોજકોએ આ પરિચય મેળાના દિવસ અગાઉ લગભગ અઠવાડિયા પહેલાં જે પરિચય મેળામાં ભાગ લેનાર ઉમેદવારોના ફોટા તથા બાયોડેટાની પુસ્તિકા દરેક ઉમેદવારને મોકલી આપવી જોઈએ. જેથી પરિચય મેળામાં આવતા પહેલાં જે ઉમેદવાર પોતાને લાયક પાત્રનું Short Listing કરી લે અને તે દિવસે થોડો વિસ્તૃત પરિચય, માહિતી મેળવી શકે. મોટા ભાગે આવા પરિચય મેળામાં ૧૦૦થી વધારે ઉમેદવારો હોય છે અને દરેક ઉમેદવારને સ્ટેજપર બોલાવીને સ્વપરિચય આપવા માટે દરેકને માત્ર ૨ મિનિટ આપવાથી પણ લગભગ ૭ કલાક જેટલો સમય થાય તે ઉપરાંત ચા, નાસ્તા, ભોજન, દાતાઓનું સન્માન ચીફ ગેસ્ટનું સન્માન, પરિચય વગેરે પ્રવૃત્તિઓ પાછળ પણ સમય જાય જેથી પરિચય માટે સમય ખાસ નથી મળતો. તે ઉપરાંત કોઈ કારણસર કે સંકોચ વશ (ખાસ કરીને યુવતિઓ) આ પરિચય મેળામાં હાજર નહીં રહેનાર ઉમેદવાર પણ વ્યક્તિગત રીતે યોગ્ય પાત્રનો સંપર્ક કરી શકે. આ પ્રવૃત્તિનો હેતુ લગ્નોત્સુક યુવ-યુવતિનો પરિચય, સંપર્ક અને શક્ય હોય તો સગપણનો છે નહીં કે Grand Scale પર ભવ્ય આયોજન કે ઉમેદવારોની સંખ્યા વધારવાનો કે આયોજકો કે દાતાઓની પ્રસિદ્ધીનો.

શાંતિજિન લગ્નોત્સવ સમાચારનો ઉમેરો

શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ - સમૂહ લગ્નમાં મહાનુભાવો પધારેલ મુંબઈ થી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો), મયુર પીર (લોડાયા) તથા ગ્રુપના ભાઈઓ અને બહેનો, મહેશ નાગડા (નલિયા), વિનય લોડાયા, ભાવેશ જ્ઞાનચંદ લોડાયા, ધનપતિ લોડાયા, ગુલાબભાઈ ધરમશી (વિરાર), જેનીલ ગાલા, પુરબાઈ લોડાયા, હેતલ પટેલ.

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શેઠશ્રી નરશી નાથાને પુષ્પાંજલિ

એમની પુણ્યતિથી તા. ૨૧/૧૧/૨૦૧૫ના હતી

ઈ-ત અજ આંજી સુરત કે જરા જાધ કરીયું તાં
અજ નર્યો તાં કુરો થયો ? કદેક તા હુંધાજ ?
અખંડ ઘુણી સેવાજ ધુખાય નેં હલ્યો વેં
-નાં- નરશી નાથા અમર લિખાયને હલ્યો વેં
પારકેં જા ઘર્ધ સમજી કરે પિંઢજા,
જાખમે તે મલમ લગાય ને હલ્યો વેં,
ભુખ્યેં કે અન ડિને પ્યાસે કે પાણી
ચોપે કે નીરો ધા ખરાઈ હલ્યો વેં
સાધુએં જી સેવા ને તીરથે -કે - જાતરા
દેવાલયે જા ભંઢારા ભરપુર તું ભરી ને હલ્યો વેં,
ચડાય અનંત નાથ તેં કાયમ દાની
આરતી જા ડંકા તું વજાયને હલ્યો વેં,
સોવાજે નતો હી, જખમ અજ ગોઝોરે !
ઘમ બપોરે સિજ વોજો ઉલાયને હલ્યો વેં,
નાતો રખે વે નાત સે એડો
સાહુકાર રૂના રૂના જન માર્ગ તાં
વટાણે ઉ માર્ગ રૂના
અજ તોજો -નાં- ભસ ખિલે તો
ને નાતીલા તોકે ભજીએ તાં
ભદ્રી પટેલ, ભાંડુપ - 097734 83984

તીરથ નરીઓ.... - કવિ 'તેજ'

ભારત મેં તીરથે
જો પાર નાય
તે મિજા મુંકે
હિકડોએ તીરથ
ન્યારણું નાય
મુંકે ન્યારણું આય
મુંજો તીરથ નરીઓ
તેમે ન્યારણું આય
તીરથ જેડ઼ો જ
મુંજો ફરિઓ....

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

આરોગ્ય પ્રકાશ : યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન – ભાગ ૩

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

હલાસન : બન્ને હાથ શરીરની બાજુમાં રાખી ચત્તા સુવો. બન્ને પગને ઉંચકોને પંજો જમીનને અડકાવો. બન્ને હાથને જમીન પર દબાવી પગને માથાથી ઉપર લઈ જાવ, ધીરે ધીરે જમીનને અડકાવો. જમીનને ન અડકે તો જેટલું જોર કર્યા વગર થાય તેટલું ઉપર થઈ જાવ. ૩૦ સેકન્ડ આ સ્થિતિમાં રહો. હળ જેવો આકાર બને છે તેથી આ આસનને હલાસન નામ.

આ આસનથી થાયરોઈડ (ગળામાં રહેલ આંતસ્રાવી ગ્રંથી) એડ્રીનલ (કિડની પર આવેલી ગ્રંથી) આ આસનથી થાયરોઈડ અને પિટ્યુટરી ગ્લેન્ડ (મગજમાં આવેલ વાટાણા જેટલી નાની ગ્રંથી જે શરીરની બંધી ગ્રંથીઓનું સંચાલન કરે છે) ના લોહીનું પરિભ્રમણ સુધારે છે. સાથે જે હોરમોન્સ આપણને સારી આનંદિત સ્થિતિમાં રાખે છે, મૂડ સુધારે છે એ એન્ડ્રોરફીન લોહીમાં વધુ વહે છે. બીજા હોરમોન્સ પણ શરીરમાં વ્યવસ્થિત વહે છે. શરીરનું મેટાબોલીઝમ સુધારે છે. શરીરની ચરબી બળીને ઓછી થાય છે. ડાયાબીટઝમાં સુધારો થાય છે. આમ આરોગ્ય સુધરે છે.

સર્વાંગાસન : હાથ શરીરની બાજુ પર રહે તેમ ચત્તા સુઓ, હાથના પંજા જમીનને અડાશે. પગને ઉંચકો અને હલાસનની સ્થિતિમાં લાવો. હાથને કમર પાસે આધાર માટે લાવો. આંગળીઓ એકબીજાથી છુટ્ટી કરી ધીરેથી એક પગ છત તરફ ઉંચકો અને પછી બીજો પગ છત તરફ ઉંચકો બન્ને પગને અને પંજાને એકદમ સીધા કરો. જેમણે આ આસન હાલમાં જ શરૂઆત કરી હોય તેમણે ૩૦ સેકન્ડ સુધી જ આ સ્થિતીમાં રહેવું પછી જેમ જેમ મહાવરો થાય તેમ સમય ૫ મિનિટ સુધી વધારી આ સ્થિતિમાં રહેવું. આ આસનથી થાયરોઈડ ઉત્તેજીત થાય છે, થાયરોઈડની બિમારીમાં સુધારો થાય છે, ડાયાબીટીઝમાં સુધારો થાય છે. થાયરોઈડની બિમારીમાં સુધારો થાય છે, ડાયાબીટીઝમાં સુધારો થાય છે. ગરદન અને કરોડ મજબૂત થાય છે. વેરીકોઝ વેઈન ના દર્દીને ફાયદો થાય છે.

મત્સ્યાસન : ચત્તા સુઈ, પલાંઠી વાળો અને પદ્માસન સ્થિતિમાં આવો, બેઠક નીચે બન્ને હાથના પંજા રાખો, કોણીને જમીન પર દબાવી કમર અને છાતીનો ભાગ છત તરફ ઉંચકો, જેથી પીઠમાં કમાન જેવો આકાર થાય, કોણીને એક બીજા સાથે લાવો અને હાથથી બન્ને પગના અંગૂઠા પકડો. માથાનો ઉપરનો ભાગ જમીન તરફ વાળો અને જમીનપર છોડવો. આ આસનથી ગરદનનો આગળનો ભાગ ખેચાય છે. શરીરની ચરબી વપરાઈ ઓછી થાય છે અને શરીર શાંત થાય છે. ૩૦ સેકન્ડ આ સ્થિતિમાં રહી પાછા મૂળ સ્થિતિમાં આવડે.



પશ્ચિમોતાનાશન : ચત્તા સુઈ, હાથ માથાથી ઉપર ચત્તા સીધા જમીન પર રાખો, શ્વાસઅંદર લઈ હાથ માથુંને ઉપરનું ધડ ઉંચકો અને હાથ સીધા રાખી પગના અંગૂઠા સુધી લઈ જાવ હાથ પગનો બાજુમાં રાખો માથું ઘુંટણને અડાડવા કોશીષ કરો. માથું ઘુંટણને ન અડે તો જેટલું થાય તેટલુ નીચે માથું ઝુકાવવા કોશીષ કરો (માથુ ઘુંટણને ન ખડે તો ઘુંટણ સહેજ ઉંચે કરી માથું ઘુંટણને અડાડો) આ આસનથી પેટ દબાય છે એટલે પેટની ચરબી ઘટશે, ડાયાબીટીઝ ઘટશે આખા શરીરના સ્નાયુઓને કસરત મળશે, શરીરમાં સ્ફૂર્તિ આવશે.

સેતુબંધાશન : ચત્તા સુઈ, પગ ઘુંટણથી વાળી નિતંબ નજીક પગની એડી રાખી, પગ પહોળા અને જમીનને અડકેલા રાખો. પગની એડીને ઉચકો, બન્ને હાથને શરીરની નીચે લાવો બન્ને હાથના આંગળા સામસામે એડબીજામાં ભીડી, કમર- થાપાના ભાગને છત તરફ ઉચકો. ૪૫ સેકન્ડ સુધી આસ પકડી રાખી પાછા શરૂઆતની સ્થિતિમાં આવો. આ આસન શક્તિ મુજબ ૧ કે ૨ બાબત ૪ કરવું. છાતી હડપચી તરફ ઉંચકાતી હોવાથી થાયરોઈડ ગ્લેન્ડની માલીશ થાય છે અને થાયરોઈડની બિમારીમાં ફાયદો થાય છે, ચરબી ઘટે છે, સ્ત્રીઓને માસિકના દુઃખાવામાં અને તકલીફમાં રાહત થાય છે.

પવન મુકતાસન : ચત્તા સુવો, માથું ઉંચકો, ડાબો પગ એડી દેખાય ત્યાં સુધી ઉંચકો અને ખુણે લઈ જઈ એ પગના ઘૂંટણને બન્ને હાથથી પેટ પર દબાવો ઘુંટણને બન્ને હાથથી પેટ પર દબાવો ઘુંટણને હડપચીને લગાડી ડાબા પગથી અંડાકૃતિમાં ઉલ્ટા–સીધા બન્ને દિશામાં ઘુમાવો. માથું અને ડાબો પગ જમીન પર લાવો. ફરી માથું ઉંચકો અને આજ પ્રમાણે જમણા પગથી કરો. હવે ફરી માથું ઉંચકો અને બન્ને પગને એકસાથે ઉપર મુજબ કરો. આ આસન સવારે પેટ સાફ થાપત્ર પહેલાં પણ કરી શકાય, પેટનો ગેસ

• પારસી ગારા • કસબની સાડીઓ
• ચણીયા ચોલી • ઘરચોળાની બોર્ડરો
• ચેઈક ટુ ઓર્ડર અને રેડી

માટે જાણીતા અને માનીતા

શ્રી મહાવીર એમ્બ્રોડેરી-માટુંગાનું નવું એડ્રેસ

શ્રી મહાવીર એમ્બ્રોડેરી, ૧/૩૫૬, રાજ નિકેતન બિલ્ડીંગ, માટુંગા પોસ્ટ ઑફિસ સામે, H.D.F.C. બેંકની બાજુમાં, તેલંગ રોડ, માટુંગા (C.R.) મુંબઈ – ૪૦૦ ૦૧૯.

સોમવારના બંધ

નીકળશે પેટની ચરબી ઓછી થશે અને ડાયાબીટીઝ ઘટશે.

વજ્રાસન : ઘુટણથી પગ વાળી, પગનો પંજાને જમીન પર ટેકવી, એડી પર બેસો. કમર ડોક ટટ્ટાર રાખો, માથું સીધું રાખો. બન્ને હાથના પંજા બન્ને ઘુંટણ પર રાખો. ૫ મિનિટ સુધી આ સ્થિતિમાં રહ્યા પછી મૂળ સ્થિતિમાં આવો. જો કબજિયાત, એસિડીટી, વાયુ કે પાચનની તકલીફ હોય તો ભોજન પછી આ આસન કરવું. આ એક જ આસન છે કે જે જમ્યા પછી કરી શકાય. પગના સાંધાની તકલીફમાં પણ ફાયદો થાય. સાંધામાં અતિ સોજો હોય તેમણે ન કરવું.

સિંહાસન : વજ્રાસનની જ સ્થિતિમાં મોઢું ખોલી જીભ બને તેટલી બહાર કાઢો, આંખો અધખુલ્લી દબાવી રાખો એક-બે મિનિટ આ સ્થિતિમાં રહી મૂળ સ્થિતિમાં આવો. વજ્રાસનના ફાયદાની સાથે મોઢાના સ્નાયુ અને નસો ને ફાયદો થાય. આંખના સ્નાયુઓને ફાયદો થાય અને મોઢાની અમુક બિમારીઓથી બચી જવાય છે.

ગરૂડાસન : ઘુંટણ સહેજ વળેલા હોય તેમ ઊભા રહો જમણા પગને ઉંચકી ડાબા પગની જાંઘ ઉપર ક્રોસ કરી અને જમણા પગના પંજાને ડાબા પગની પીંડી પર ભરાવો કમરથી સહેજ નીચા થાવ (ખુરશી પર બેસતા હોઈએ તેમ) બન્ને હાથને છાતીની સામે કોણીમાં અને કાંડામાં ક્રોસ કરી આ સ્થિતિમાં ૪૫ સેકન્ડ રહો અને પાછા મૂળ સ્થિતિમાં આવો. પછી તેજ રીતે ડાબા પગથી કરો ગરૂડ જેવી સ્થિતિને લીધે આસનનું નામ ગરૂડાસન. આ આસનથી પગ તો પાતળા અને મજબૂત થાય છે. સાથે સાથે આખા શરીરમાં શક્તિનો સંચાર થઈ પાચનમાં મદદ થાય છે. ચરબી બળી જાડાપણું ઘટે છે.

ડાયાબીટીઝ ઘટાડવા માટે પશ્ચિમોતાનાસન, મત્સાસન, હલાસન, પવનમુક્તાસન નૌકાસન, ભુંજગાસન, ધનુરાસન, સૂર્યનમસ્કાર વગેરે આસનો અને પ્રાણાયામ, જલઘોતી, શંખ પ્રક્ષાલન ઉપયોગી છે. શરીરની ચરબી ઘટાડવા માટે સર્વાગાસન, મત્સ્યાસન, હલાસન, સલભાસન, ગરૂડાસન, સેતુબંધાસન વગેરે ઉપયોગી છે. વેરીકોઝ વેઈન્સના દર્દીને સંર્વાગાસન, પાદહસ્તાસન, તાડાસન, પવનમુક્તાસન અને સૂર્ય નમસ્કારથી ફાયદો થાય છે. પાચનની તકલીફો ગેસ, એસિડિટી, કબજીયાત માટે વજ્રાસન, પશ્ચિમોતાનાસન પવન મુક્તાસન ઉપયોગી છે. સ્ત્રીઓના માસિક દુઃખાવા, કમરના દુઃખાવા અને તે વખતે પગની નશો ખેંચાવાની તકલીફ માટે સેતુબંધાસન, બિલાડાસન ઉપયોગી થાય છે. જલઘોતી થી સાયનોસાઈટીસ (નાકમાં શરદી જાય) માં ફાયદો થાય છે.

(ક્રમશઃ)

મરણોત્તરે શાલ કેટલી ઉચિત ?

પરિવાર કે કુટુંબમાં કોઈ-વડીલ-નજીકના સબંધી કે વેવાણ-વેવાઈને આગે સે ચલી આતી હૈ ની રસમે સૌની સામે અને સાક્ષીએ ''શાલ'' ઓઢાળી મૃતાત્માનું ગૌરવ કરીએ છીએ. ઘણીવાર પરિવાર મોટો હોય તો પાંચ થી દસ બાર શાલ પણ થઈ જાય.

એવી શાલને બાળી નખાય કે દાન-ધરમમાં અપાય છે. પણ લેનારને કહીએ કે આ શાલ પડદા ઉપરથી ઉતારેલ છે તો લેશે ? નહીં જ.

ઘણાં મૃતાત્મા એવા પણ હશે કે જેઓ જીવનભર માન સન્માન મેળવ્યા વગર મૃત્યુ પામ્યા હોય. અને મરણોત્તર શાલ મેળવી હોય એ જોયા વગરનો આનંદ કેવો ? શા કામની ?

વ્યક્તિનું ગૌરવ સન્માન કરવું જ હોય તો એ વ્યક્તિ જોઈ શકે માણી શકે તેવું હોવું જોઇએ.

પરિવારના કોઈ પણ પ્રસંગનું આલંબન કરી એ પ્રસંગે તેવી વ્યક્તિનું જીવંત સન્માન કરીએ શાલ ઓઢાળીએ તો ?

લગ્ન પ્રસંગે વેવાઈને પણ શાલ પ્લાસ્ટીકની પેકીંગમાં આપી દઈએ છીએ. એના બદલે શાલ આઢાળવાની રીત વધુ સારી સાબીત થશે.

વડીલોને મરણોત્તર શાલ પહેરાવીએ એના કરતાં છઠ્ઠ પારણાં જેવા પ્રસંગનું આલંબન કરી ઘરે જમાડીને પરિવાર સમક્ષ માન આપીએ તો એ વડીલ કે વેવાઈ જીવનભાર યાદ કરી પ્રતિ સન્માનનો વધારી કરશે. મરણોત્તર શાલ ફક્ત સૌની સમક્ષ દેખાડો કે વ્યવહાર છે. માન કે સન્માન રોતા રોતાં શા માટે ? હસતાં હસતાં કરીએ તો ? એ વ્યક્તિ એ શાલ જાતે પહેરશે ઓઢસે ને યાદ કરશે જ શાલ પહેરેલ મૃતાત્મા તેવું કશું કરી શકવાની નથી તો પછી એનો અર્થ શો ?

ઠીક છે, મૃતાત્માને એ પરિવાર તરફથી પરિવારનું રક્ષણ કર્યું, સંરક્ષણ કર્યું. સાર સંભાળી કીધી તેથી મરણોત્તર શાલ પણ એકાદ હોય એ ઉચિત છે.

- લહેરચંદ વેલજી મૈશેરી, ભાંડૂપ



ABDASA (KACHCHH) GAUSHALA TRUST

(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

Mumbai Office : Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119



આઝાદીના આનંદ સાથે સામાજિક ટીકાનો ભોગ બનતી સિંગલ વિમેન

પતિ કે પરિવાર વગર રહેતી ભારતીય મહિલાની કલ્પના કરી શકો છો ? જો જવાબ 'હા' હોય તો પણ સાથે 'બિચારી', 'ગરીબડી' કે 'રાંક' જેવા વિશેષણો તો અવશ્ય લગાડશો. એકલી રહેતી મહિલાને હંમેશા 'રસ્તે રઝળતી વારતા' જેવી જ ગણવામાં આવે છે અને દરેક નજર તેને તાકી રહી હોવાની અનુભૂતિ કરાવે છે. આમ છતાં આજે ભારતમાં રહેલી કુલ ૩૮ કરોડ મહિલાઓમાંથી ૨૧ ટકા એટલે કે ૭.૧ કરોડ મહિલાઓ અપરિણીત, ત્યક્તા, વિધવા કે અલગ રહેતી ૨૦ વર્ષથી મોટી વયની સિંગલ વિમેન છે. ૨૦૦૧થી ૨૦૧૧ વચ્ચે સિંગલ મહિલાની સંખ્યામાં અધધધ ૪૦ ટકાનો વધારો થયો છે. એમાં પણ ૨૦થી ૨૯ વર્ષની વયજૂથની વચ્ચે ૬૮ ટકા એકલી રહેતી મહિલાઓ પતિથી અલગ રહેતી અથવા ત્યક્તા અથવા ઉચ્ચ અભ્યાસ કે કારકીર્દી માટે લગ્નમાં વિલંબ કરતી યુવતીઓ છે. આ વાંચીને કદાચ, કેટલાકની આંખ પહોળી થઈ જશે, પણ આ બાબત હકીકતમાં તો વ્યક્તિ સ્વાતંત્ર્ય અને પસંદગીમાં આપવામાં આવેલી છૂટનો નિર્દેશ કરે છે.

ભારત સરકાર દેશની પ્રગતિની તુલના ચીન સાથે કરતી આવી છે. ચીને આર્થિક અને ટેકનૉલૉજીની દૃષ્ટિએ અન્ય દેશોની તુલનાએ હરણફાળ ભરી છે. પરંતુ સ્ત્રીદાક્ષિણ્યની દૃષ્ટિએ અત્યંત પછાત દેશ છે. ત્યાં ૨૭ વર્ષથી મોટી વયની કુંવારી યુવતીઓને 'શેન્ગનું' અર્થાત નકામી કે તુચ્છ કહેવામાં આવે છે. ભારતીયો ક્યારેય આવી અપમાનાસ્પદ ભાષા વાપરતા નથી. અહીંની સંસ્કૃતિ મોટી ઉંમર સુધી લગ્ન ન થયાં હોય એવી મહિલાને કમનસીબ ગણીને મદદરૂપ થવાનો ભાવ જ વ્યક્ત કરે છે.

પુસ્તક 'ઓલમોસ્ટ સિંગલ' અને વિદ્યા બાલનની 'કહાની'ની પટકથા લેખિકા અદ્વૈતા કલા કહે છે કે એક સમયે સિંગલ મહિલાની દયા ખાવામાં આવતી હતી. બાદમાં 'સેક્સ એન્ડ ધ સિટી' જેવા ટીવી શૉએ લોકોને દૃષ્ટિકોણ બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. હવે લોકો એકલી મહિલાઓની સુરક્ષા તથા સરેગસી જેવા ગંભીર વિષયો પર વિચાર કરે છે.

આજે ટીવીમાં આવતી જાહેરાતોમાં પણ સિંગલ વિમેનની ખરીદશક્તિ વધી હોવાના નિર્દેશ કરવામાં આવે છે. અગાઉ જ્વેલરી બ્રાન્ડ્સ યુવતીના લગ્નને કેન્દ્રમાં જાહેરખબર બનાવતા હતા, જ્યારે હવે સિંગલ યુવતીને પોતાની પસંદગી અનુસાર આભૂષણો ખરીદતી દેખાડવામાં આવે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સમાજમાં વધી રહેલી સિંગલ વિમેનની સંખ્યાની વ્યવસાયિક અને વ્યાપારિક ક્ષેત્રોએ પણ નોંધ લીધી છે. આમ છતાં શું સામાજિક દૃષ્ટિએ જોવામાં આવે છે ખરી ? એક દાયકા અગાઉ કરતાં અત્યારની મહિલાઓ વધુ બિનધાસ્ત અને સ્વતંત્ર બની છે. આથી તે સામાજિક વિચારના બંધનમાંથી મુક્ત થઈ આપમેળે જીવન જીવતાં શીખી ગઈ છે. આજની મહિલાઓ 'ચાલશે, ગમશે'ની નીતિ આપનાવવાને બદલે પોતાની પસંદ-નાપસંદ વિશે સ્પષ્ટ રજૂઆત કરતી થઈ છે.

દીકરીને ભણાવી પગભર કરનારા પરિવારો તેને એકલા રહેવાની છૂટ પણ આપે છે, કેમ કે તેમને પોતાની પુત્રીની વિવેકબુદ્ધિ તથા આવડત પર વિશ્વાસ હોય છે, પરંતુ આવી દીકરીઓ કે સિંગલ મધર્સની જાસૂસી સમાજ કરે છે અને તેની ભીતિ એકલી રહેતી ભારતીય મહિલા પ્રત્યક્ષ કે પરોક્ષ ધરાવતી જ હોય છે. સામાજિક નીતિ-નિયમોને નેવે મૂકીને બંધનમુક્ત જીવન જીવતી સિંગલ વિમેન ક્યારેય ઉચ્છંખલ બનતી નથી અને તે પોતાની ગરિમા જાળવવા સેલ્ફ-સેન્સરશિપ મૂકે છે. મેટ્રો શહેરોમાં સિંગલ વિમેન જીન્સ અને ટોપ પહેરીને ફરતી હોય છે. પણ ઘર જેવા ચોક્કસ પ્રકારના સાંસ્કૃતિક માહોલમાં જવાનું હોય ત્યારે શાલ વીંટી લે છે. જો પોતે મર્યાદા ચૂકશે તો લોકો તેને નિરાધાર જાણી આંખો મટકાવવાની તક જતી નહીં કરે.

બીજી એક રસપ્રદ વાત એ છે કે સગાં સાથે રહેતી એકલી મહિલા કરતાં સ્વનિર્ભર સિંગલ વિમેન વધુ પડતી પંચાતનો ભોગ બને છે. આથી જ તેણે મોડી રાત સુધી બહાર રહેવામાં કે પુરુષમિત્રો અથવા પુરુષ સહકર્મચારીઓ રાત્રે ઘરે મુકવા આવે તો બિલ્ડીંગના ચોકીદારથી લઈને આડોશી-પાડોશીઓ પણ ચાર આંખે જોવા લાગે છે. આથી આવી બાબતો માટે સિંગલ વિમેને સાવધ રહેવું પડે છે.

માત્ર શહેરમાં જ નહીં ગામડાંમાં પણ એકલી રહેતી મહિલાની સંખ્યા ૨૦૦૧થી ૨૦૧૧ દરમિયાન એક કરોડની થઈ છે. ગામડાંની સામાન્ય વસતિમાં એક દાયકામાં ૨૦ ટકાનો વધારો થયો છે, જ્યારે સિંગલ વિમેનની સંખ્યા ૩૦ ટકા વધી છે

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

પ્રથમ સંમેલનના અધ્યક્ષ સ્થાનેથી શ્રી ભવાનજી અરજણ ખીમજીએ કરેલ મધ્યસ્થ જ્ઞાતિ મહાજનના સંગઠનના અનુરોધને માન આપી સમસ્તને સમર્પિત થઈએ.
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ



અને સૌથી મહત્ત્વની વાત એ છે કે ભારતની કુલ સિંગલ વિમેનમાંથી ૬૨ ટકા ગામડાંમાં રહે છે. જોકે, અહીં ત્યક્તા કે અપરિણીત નહીં, પરંતુ વિધવા મહિલાઓની પતિ શહેરમાં કમાવા ગયા પછી ત્યાં જ વસી ગયા છે, આવી મહિલાઓએ એકલી અને ઓશિયાળી બનીને જીવન વ્યતિત કરવું પડે છે. ગામડામાં એકલી રહેતી મહિલામાંની ૬૦ ટકા ૨૦-૨૪ વર્ષની વયજૂથની છે. આ મહિલાઓ હવે ટેલિવિઝનના કાર્યક્રમોથી પ્રભાવિત થઈને પોતાનું જીવન ઘડે છે. તે લગ્ન કરવાને બદલે આગળ ભણવાનો કે નોકરી કરવાનો વિચાર કરે છે.

ઉત્તર પ્રદેશ અને પંજાબમાં નાની વયે દીકરીને પરણાવી દેવાની પ્રથા બંધ થઈ છે. રૂઢિચુસ્ત મારવાડી અગ્રવાલ પરિવારોમાં પણ હવે ૨૮-૨૯ વર્ષની વયની અપરિણીત દીકરીઓ માતા-પિતા સાથે રહેતી જોવા મળે છે. અગાઉ આવી કલ્પના પણ થઈ શક્તી નહોતી.

ભારતીય સમાજ સિંગલ વિમેનને હવે સ્વીકારી રહ્યો છે, પરંતુ તેને સમજી શકતો નથી.

એકલી રહેતી મહિલા આનંદથી કઈ રીતે જીવી શકે ? તે સવાલ અનેકોને મૂંઝવી રહ્યો છે, પરંતુ હકીકતમાં આ ભારતીય સ્ત્રીનો નવો ચહેરો છે. તે અત્યંત આત્મવિશ્વાસથી પોતાની ઇચ્છા મુજબનું જીવન જીવી રહી છે. એકલીને બિચારી સમજતા સમાજે તેના એકલી -આનંદિત સ્વરૂપને સ્વીકારવું તો પડશે જ.

- ભાવના જોશી (તેજસ્વીની - જન્મભૂમિમાંથી સાભાર)

માણસને માણસનું સુખ જોઈએ

મનુષ્ય એક સમાજિક પ્રાણી છે. માણસને માણસની જરૂર હંમેશા રહી છે અને રહેવાની જ છે. એમાં પણ પ્રૌઢાવસ્થામાં તો ખાસ. આજનાં યાંત્રિક યુગમાં સંબંધોમાં લાગણીનું તત્ત્વ દિન-પ્રતિદિન ઘટતું જોવા મળે છે. ખાસ કરીને મોટી ઉંમરે પ્રેમ અને લાગણીનો અભાવ બહુ પીડા આપે છે.

પતિ-પત્નિ બંનેનું એક સાથે અહીંથી વિદાય થવું તો ભાગ્યે જ બને ! બંનેમાંથી એક જાય એટલે બીજાએ એકલતા સહન કર્યે જ છૂટકો. જીવનસાથીનો હૂંફાળો સંગાથ ગુમાવી દીધા બાદ પણ અસ્તિત્વને સકારાત્મક રીતે ટકાવી રાખવું જરૂરી છે. સંતાનો ચાહવા છતાં પણ વધુ સમય ફાળવી શકવાના નથી એ વાત જેટલી જલદી સમજાય જાય એટલું તમારા ફાયદામાં ! જેટલી અપેક્ષા ઓછી એટલી નિરાંત વધારે.

જીવનમાં શૂન્યાવકાશ ન સર્જાય એની આગોતરી તૈયારી રૂપે નિવૃત્તિમાં પ્રવૃત્તિ શોધી લેવી જરૂરી છે. વાંચન તેમ જ સંગીતનો શોખ, સત્સંગ, 'લાઈફ માઈન્ડેડ' મિત્રોનો સંગાથ, નિયમિત વૉકિંગ કે બોજી કોઈ પણ પ્રકારની કસરત તેમ જ શિસ્તબદ્ધ પ્રવૃત્તિમય જીવનશૈલી જીવનમાં ખાલીપો ઊભો થવા દેતી નથી. સવારે કે સાંજે મંદિરમાં, દરિયાકિનારે, જીમમાં કે અન્ય સ્થળે સમવયસ્ક મિત્રોની મૈત્રીથી જીવનમાં સભરતા અનુભવાય છે.

પશ્ચિમની તુલનામાં આપણી ભારતીય જીવનશૈલી આવકારદાયક છે. ત્યાં પ્રૌઢ વ્યક્તિઓ એકલતા ખાળવા કૂતરાની આળપંપાળ કરતાં બહુ જોવા મળે છે ! અહીં પારસીઓમાં એ પ્રકારનું ખાસ્સું ચલણ છે. આપણાં ગુજરાતી પરિવારોમાં હજી પરિસ્થિતિ એટલી ખરાબ નથી. ઘડપણ સચવાઈ જતું હોય છે.

સ્વામી સચ્ચિદાનંદ કહે છે : માણસને માણસનું સુખ જોઈએ. એ ન મળે તો એમાંથી ખાલીપો ઊભો થાય જે માણસને વગર મોતે મારી નાખે છે. તેથી જ સમૂહમાં ભજન-કીર્તન, સત્સંગ વગેરે કરવાનું આગવું મહત્ત્વ છે. એક બીજા સાથે હળવા-મળવાથી હળવાશ અનુભવાય છે.

પ્રેમ અને લાગણીની ખરી જરૂર પચાસ-સાઠની વય વિતાવ્યા પછી ઊભી થાય છે. મોટા ભાગની મુખ્ય જવાબદારીઓમાંથી પરવાર્યા બાદ વ્યક્તિ થોડી નિરાંત અનુભવે છે. લાઈફ પાર્ટનર હોય છતાં પણ મનમેળ ન હોય અને એ કારણે પ્રેમ-લાગણી, હૂંફના અભાવથી પીડાતાં હોય એવા દાખલા પણ ઓછા નથી. ટૂંકમાં આથમતી સંધ્યાએ પણ જીવનનો ઉત્સાહ અને ઉમંગ અકબંધ જળવાઈ રહે એની તૈયારી દરેક વ્યક્તિએ સમયસર શરૂ કરી દેવી જોઈએ. પુનર્લગ્ન કે લિવ ઈન રિલેશનશીપને સૂગની નજરે જોવાની જરૂર નથી. એવું ગ્રુપ હોવું જોઈએ જેમાં ફક્ત સિંગલ સ્ત્રી-પુરુષો જ સામિલ હોય. 'લાઈક માઈન્ડેડ' મિત્રો મળવા મોટી મિરાત છે.

મનગમતી પ્રવૃત્તિ અને મનગમતા મિત્રોનો સહવાસ જીવનને મધુર અને રસભર્યું બનાવે છે. હૂંફ આપવી અને હૂંફ મેળવવી બંનેનો સ્વીકાર પ્રોઢાવસ્થાની જરૂરિયાત તરીકે થવો જરૂરી છે. આજે સરેરાશ આયુષ્ય એંશીથી નેવું વર્ષનું થઈ ગયું છે. આહારમાં સોનાનો કોળિયો મળતો હોય પણ લાગણીનો છાંટો ન હોય તો એ શું કામનો ? એને બદલે સૂકો રોટલો પણ કોઈ પ્રેમથી ખવડાવે તો કેટલો મીઠો લાગે ! એની આરોગ્ય પર પણ સકારાત્મક અસર થાય છે.

આપણે ત્યાં મોટાભાગની એકાકી જીવન વ્યતિત કરતી મહિલાઓ પોતાને ઘરકામમાં કે પૌત્ર-પૌત્રીઓના ઉછેરમાં ગળાડૂબ કરી દેતી હોય છે. કાં પછી આધ્યાત્મિક કે ધાર્મિક પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઈ જાય છે, જે એક રીતે સારું જ છે, પણ એમણે પોતાની જાતને એક સવાલ પૂછી લેવા જોઈએ કે એમને ખરેખર શું ગમે છે ? દેખાદેખી કે કશાથી ભાગી છૂટવા માટે બીજાને ગમતી પ્રવૃત્તિ કરવા કરતા પોતાને મનગમતું કાર્ય કરવાથી જિંદગી વધારે સભર બને ખરી ?

દીકરીના જન્મ પર વૃક્ષારોપણ

રાજસ્થાનમાં એવું ગામ છે જ્યાં દીકરીના જન્મને ૧૧૧ વૃક્ષો વાવીને વધારવામાં આવે છે. આજે તો આ ગામમાં હજારો વૃક્ષો લહેરાઈ રહ્યાં છે. એ ગામનું નામ છે પીપલાત્રી. આ ગામમાં છેલ્લા ૧૫ વર્ષથી (તત્કાલીન) સરપંચ દ્વારા અનોખો રિવાજ શરૂ થયોછે. આ રિવાજ પ્રેરણા આપે તેવો છે. શ્યામસુંદર પાનીવાલ નામના આ સરપંચની એકની એક દીકરી કિરણનું વર્ષો પહેલાં અવસાન થયું હતું. તેની સ્મૃતિમાં શ્યામસુંદરજીએ આ નવી પ્રથા શરૂ કરાવી. ગામમાં દીકરી જન્મે એટલે તેની ખુશીમાં ૧૧૧ વૃક્ષો વાવવામાં આવે છે. એટલું જ નહીં ગ્રામજનો ૨૧,૦૦૦ રૂપિયા એકત્રિત કરે છે. તેમાં ગ્રામ પંચાયત ૧૦,૦૦૦ રૂપિયા ઉમેરે છે. આમ નવી જન્મેલી દીકરીના બૅન્ક ખાતામાં ૩૧,૦૦૦ રૂપિયા જમા કરવામાં આવે છે, જ્યારે દીકરી લગ્ન કરે ત્યારે તેને તે પૈસા મળે છે.

આ ગામમાં બાળલગ્ન પર પ્રતિબંધ છે એટલું જ નહીં, ગ્રામપંચાયતે એવો કડક નિયમ કર્યો છે. દીકરીના વાલી પાસેથી એવું લખાવી લેવામાં પણ આવે છે કે, જ્યાં સુધી દીકરી ૧૮ વર્ષની થાય નહીં ત્યાં સુધી તેનાં લગ્ન કરવામાં નહીં આવે. આ ઉપરાંત દીકરીના નામે જે રકમ મૂકવામાં આવે છે તે રકમ દીકરી પાછળ જ વપરાશે તે પણ લેખિતમાં નિશ્ચિત કરાય છે.

ગામમાં જ્યારે દીકરીનો જન્મ થાય છે ત્યારે ઉત્સવ જેવું વાતાવરણ હોય છે. ગ્રામજનો નિયત સ્થળે જઈને વૃક્ષોનું વાવેતર કરે છે. લીમડો, સિસમ, આંબા ઉપરાંત એલોવેરા જેવી આયુર્વેદિક વનસ્પતિનું પણ વાવેતર કરવામાં આવે છે.આ તમામ વૃક્ષોમાંથી થતી આવક ગામના વિકાસ માટે જ વપરાય છે. આ ગામમાં દર વર્ષે આશરે ૬૦ દીકરીઓનો જન્મ થાય છે. અત્યાર સુધી આ ગામમાં ત્રણ લાખ વૃક્ષોનું વાવેતર થઈ ચૂક્યું છે.

ગામની વિચારસરણી પ્રગતિશીલ બની છે. ગામના લોકો હવે મહિલાઓને સન્માનની દ્રષ્ટિથી જોતા થયા છે. એક નાનકડો સુધારો કેટલું મોટું અને શ્રેષ્ઠ પરિણામ લાવી શકે છે તેનું આ ગામ ઉત્તમ ઉદાહરણ છે. આ ગામે સરકાર પાસેથી કોઈ વિશેષ યોજનાનો લાભ લીધો નથી. તેના બદલે તેમણે જાતે જ પ્રગતિ કરવાનું નક્કી કર્યુ છે અને તેઓ પ્રગતિ કરી રહ્યા છે.

વિકાસને માપવાના બીજા ઘણાં માપદંડો હશે, પરંતુ કોઈ પણ પ્રદેશ પોતાની મા, બહેનો અને દીકરીઓ પ્રત્યે કેવું વર્તન કરે છે તેના પર પણ પ્રગતિનો મોટો આધાર છે.

આ એક પ્રેરક પ્રયોગ અને ઉદાહરણ છે. જો ભારતના ગામે ગામમાં તેનું અનુકરણ થાય તો આપણા દેશને મોટો ફાયદો થાય તેમ છે. એ માટે કરોડો રૂપિયાની કોઈ યોજનાઓની જરૂર નથી. કોઈ આંદોલન કરવાની જરૂર નથી. પાડોશી શત્રુ દેશથી ગભરાવાની જરૂર નથી. અમેરિકા કે વિશ્વ બૅન્ક પાસેથી સહાય લેવાની જરૂર નથી. આપણે કોઈ પણ પ્રકારના મોટા તંત્ર અને પૈસા વિના પણ આ કામ કરી શકીએ તેમ છીએ.

બહાદુર બેટી : કેટરિના કૈફ, કરીના કપૂર, પ્રિયંકા ચોપડા, વિદ્યા બાલન અને હવે તો સની લિઓની જેવા દેખાવની કોશિશ કરતી આજની યુવતીઓ નીરજા ભનોતનું નામ જાણીતી હશે ? શું તેમને ખબર છે કે ૨૦૦૪ની ટપાલ ટિકિટ પર દેખાતી આ સુંદર યુવતીએ એક ગજબનાક વીરતાનું કામ કરી અશોક ચક્ર મેળવ્યું છે ?

નિરજાનો જન્મ ૫ સપ્ટેમ્બરે ચંદીગઢમાં થયો બાળપણથી આકાશમાં ઊડવાની ખ્વાહિશ ધરાવતી નીરજાએ ૨૬ જાન્યુઆરી, ૧૯૮૬ના દિવસે ઍરહોસ્ટેસ તરીકે પહેલી વાર આકાશ સર કર્યુ. ૫ સપ્ટેમ્બર, ૧૯૮૬ના દિવસે પેન એમ ૭૩ વિમાનમાં તેની ડ્યુટી હતી. વિમાન કરાચી ઍરપોર્ટ પર ઊભું હતું. મુસાફરો બેસી ગયા હતા અને પાયલોટની રાહ જોવાતી હતી. ત્યાં ચાર આતંકવાદીઓ ઘૂસી આવ્યા અને વિમાનને કબજામાં લીધું. કર્મચારીઓને હુકમ કર્યો કે બધાના પાસપોર્ટ એકઠા કરી તેમને આપે. તેમની ઈચ્છા અમેરિકાના મુસાફરોને મારી સરકાર પર દબાણ લાવવાની હતી. નીરજાએ સિફતાપૂર્વક અમેરિકનાં પાંચ મુસાફરોના પાસપોર્ટ છુપાવી દીધા. એક બ્રિટિશ નાગરિકને આતંકવાદીના હુમલાથી બચાવ્યો. ખાવાનું પીરસવા સાથે ઈમરજન્સી એક્ઝિટની માહિતી ગૂપચૂપ મુસાફરોને આપી અને વિમાનમાં ફ્યુઅલ નથી એવું બહાનું કાઢી અંધારું કરાવ્યું. મુસાફરો ઈમરજન્સી ગેટમાંથી સરકતા ગયા. બીજી તરફ પાકિસ્તાનના લશ્કરી જવાનો વિમાનમાં આવી ગયાં.

આતંકવાદીઓ અને તેમની ઝપાઝપી ચાલી રહી હતી. ત્યારે નીરજા બે-ત્રણ બાળકોને લઈ ઈમરજન્સી ગેટ તરફ જઈ રહી હતી. એક આતંકવાદીએ તેને આંતરી તેણે બાળકોને ગેટમાંથી ધકેલી દીધા અને ઘાયલ થઈ જવા છતાં આતંકવાદી અને તેમના સુધી પહોંચવા ન દીધો અંતે લશ્કરે આતંકવાદીઓને મારી નાખ્યા, પણ નીરજા અનેક ગોળી શરીર પર ઝીલી મૃત્યુ પામી હતી.

ત્રેવીસ વર્ષની નીરજાના આ બલિદાન બદ ભારત સરકારે અશોક ચક્ર અને પાકિસ્તાન સરકારે તમગા-એ-ઈન્સાનિયત દ્વારા તેનું સન્માન કર્યુ હતું. સ્વતંત્ર ભારતની આ બહાદુર બેટીને સલામ.

સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

ક.દ.ઓ. જૈન મહિલા મંચ, નાગપુર

ક.દ.ઓ. જૈન મહિલા મંચ, નાગપુરની સપ્ટેમ્બર મહિનાની મિટીંગ સૌ આશાબેન સત્યેન્દ્ર લોડાયાના ઘરે મહાકાળી માતાની ભાવના સહ યોજાઈ હતી. શ્રી શંત્રુજય મુક્તિ સમ્યગ્જ્ઞાનની દ્વિતિય વર્ષની સમ્યગ્ જ્ઞાન પરિચયની પરીક્ષામાં પ્રથમ આવેલ સૌ. મીનાબેન મુકેશ મૈશેરીને ૧૫૧ રૂા., દ્વિતિય આવેલ સૌ. સોનલબેન નરેન્દ્ર પોલડીયાને ૧૦૧ રૂા. અને તૃતિય આવેલ સૌ. મોહિનીબેન તરૂણ મૈશેરીને ૫૧ રૂા. આપી એમનું બહુમાન કર્યુ હતું. જીવદયાનો ફાળો જમા કરવામાં આવ્યો હતું. સૌ. જયશ્રીબેન સુરેન પટેલ, સૌ. સુમતી હરિશ લોડાયા, સૌ. આશાબેન સત્યેન્દ્ર લોડાયા તરફથી ૩૭૦ રૂા. મળ્યા હતાં.

ઓક્ટોબર મહિનાની મિટીંગ સૌ અંજુબેન પ્રતાપ ધરમશી (ભૂતપૂર્વ ACP) ઘરે ભંડારામાં મહાકાળીની ભાવના સાથે યોજાઈ પણ હતી. બેંગલોરથી સૌ. અનુબેનના બહેન, પણ આવ્યા હતા. મરાઠી મંડળ પણ આવેલ હતું એમણે મરાઠીનાં ભજનો ગાયા હતા. ફુદડી પણ રાખી હતી. સ્તવન ભજન સાથે આરતી કરી હતી.

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ, ભારતનગર

ગાંધીધામના ભારતનગરમાં તા. ૧૧-૧૨-૨૦૧૫ના રાજે રાત્રે ઉપાશ્રયમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ભાગ્યશાળી ચિ. ભાવના રાજેશ લક્ષ્મીચંદ લોડાયાના લગ્ન પ્રસંગે માતુશ્રી હીરબાઈ લક્ષ્મીચંદ લોડાયા હાલે વારાપધર, ગાંધીધામવાળા પરિવાર તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં નીલમબેન, ભક્તિબેન મોમાયા, મનીષાબેન, જયંતભાઈ, લીતેશભાઈ, શામજીભાઈ, પ્રદીપભાઈ ખોના, મનીષભાઈ તથા ઉદયભાઈ, પ્રતાપભાઈ લોડાયા એ સારી એવી રમઝટ જમાવેલ. ચિ. દ્રષ્ટી દંડ, મનીશાબેન લાપસીયા, કોમલ લોડાયા. ચામરથી રમઝટ જમાવેલ તથા યશ લોડાયા ઢોલની રમઝટ જમાવેલ.

સુરત ક.દ.ઓ. મહાજનની પ્રવૃત્તિઓ

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન-સુરતના નેજા હેઠળ તા. ૨૭-૧૨-૨૦૧૫ના રોજ સાંજના શ્રી મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવેલ, જેના લાભાર્થી શ્રી પિયુષ નવિનચંદ્ર મોતા હતા. આ સંગિતમય ભાવના ભણાવવા માટે ડોમ્બિવલીથી શ્રી લહેરચંદભાઈ પોલડીયા પધારેલ. ભાવનામાં લગભગ ૭૦ જેટલા ભાવિકોએ હાજરી આપેલ. ભાવના બાદ મોતા પરિવાર તરફથી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

મહાજનના વર્ષ ૨૦૧૬ના પ્રથમ કાર્યક્રમમાં બાવન જિનાલય (નવસારી) તથા શ્રી સીમંધર સ્વામી જિન મંદિર, નંદિગામ્રના દર્શનના ધાર્મિક પ્રવાસનું આયોજન તા. ૧૦-૦૧-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું.

શ્રી ભલારા દાદા - શ્રી સચ્ચાઈ માતાજી - વરંડી મોટી ધ્વજા મહોત્સવ

શ્રી અમીઝરા ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની વરંડી-કચ્છ સ્થાનિકે તા. ૧૪ તથા ૧૫-૧૨-૨૦૧૫ ના યોજાયેલ ધ્વજા મહોત્સવે મુંબઈ, કોચીન, ગાંધીધામ, બેંગલોર તથા રાજકોટથી ૪૩ ભાવિકો વરંડી પધારેલ. શ્રી સચ્ચાઈ માતાજી ભલારા દાદા તથા શ્રી ક્ષેત્રપાળ દાદાને પહેડી ધ્વજાના લાભાર્થી પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ. સાંજે ભુવાશ્રી મનોજ ડી. શાહની ઉપસ્થિતિએ શ્રી હનુમાન મંદિરે અનુષ્ઠાન આવાહન સમૂહ આરતી તથા શ્રી ભલારા દાદાનો સમૂહ પાઠ શ્રી રમેશ હીરજી લોડાયા દ્વારા મંડાયેલ. શિખર દંડાસન રૂા. ૫૧૫૧/- માતુશ્રી ચંદનબેન કલ્યાણજી લોડાયા, વરંડી પરિવાર તેમ જ ઘુમ્મટ દંડાસન રૂા. ૩૬૩૬/- માં માતુશ્રી નવલબેન ગોવિંદજી ખોના, જખૌ હ. દિલિપભાઈ ખોના પરિવારે લાભ લીધેલ.

તા. ૧૨-૧૨-૧૫ને મંગળવારના વહેલી સવારે અભિષેક તેમજ સિંદુરલેપ વિધિ કર્યા બાદ, નૂતન દંડાસન મંત્રોચ્ચાર વિધિ અને સજાવટ ભાવિક બહેનોના સંગાથે કરવામાં આવેલ. સવારના શિખર તેમ જ ઘુમ્મટ નુતન દંડાસન સ્થાપના અને ધ્વજા માતુશ્રી ચંદનબાઈ કલ્યાણજી લોડાયા, વરંડી પરિવારના સભ્યોએ ચડાવેલ. ધ્વજારોહણ બાદ પ્રસાદી પ્રભાવના તેમ જ પહેડી અને સમૂહ આરતી કરવામાં આવેલ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

મુંબઈમાં પહેડી તા. ૧૪-૨-૨૦૧૬ને રવિવારના સવારે ૯.૦૦ કલાકે ભાંડુપ-કુકરેજા કામ્પ્લેક્ષ હોલમાં લાભાર્થી પરિવાર માતુશ્રી ચેગબાઈ કેશવજી પીર, બાયઠ/ભાંડુપ તરફથી થશે.

સખીવૃન્દ પુના

નલીનીબેન નરેન્દ્ર લાપસિયા દ્વારા સખીવૃન્દ - પુનાની મિટિંગ ૧૯ ડિસેમ્બરના આયોજાઈ.

બ્રેડ મેકિંગનું પ્રત્યક્ષીકરણ કરવા માટે કોષાબેન આશિષ મહેશ્વરી ને બોલાવેલ, જે છેલ્લા ૧૦ વર્ષોથી ચોકલેટ મેકિંગ અને બકિંગ કરે છે.

એમણે ત્રણ પ્રકારની બ્રેડ્સ શીખવાડી ૧) લોંફ બ્રેડ ૨) ફોકાસિયા (ઈટાલિયન) બ્રેડ ૩) Stuffed બન.

કોષાબેને દરેક વસ્તુ ને ધ્યાનમાં રાખી ખૂબજ સરસ રીતે સમજાવ્યું. સાથે શું પીરસી શકાય એની પૂર્ણ માહિતી પણ આપી. ત્રણે બ્રેડ નો સ્વાદ દરેકે માણ્યો.

નવેમ્બરની મિટિંગના હરીફાઈમાં ભાગ લેનાર દરેકનો, કાંતાબેન ધરમશીએ લેખિત કાર્ડ આપી આભાર માન્યો.

કિચન ક્વીનના પહેલા મણકાના વિજેતા ગ્રુપ ૧ - હીનાબેન શાહ, કીર્તિબેન નાગદા, ગ્રુપ ૨ હીનાબેન રતાણી, કલ્પનાબેન લાપસિયા ઘોષિત થયા. એમને વંદનાબેન ધરમશી દ્વારા ઇનામ આપાયા. બીજા મણકામાં સર્વે રસપૂર્વક ભાગ લીધો.

ખંડવામાં પોષ દશમીની ઉજવણી

ખંડવા તીર્થધામમાં તીર્થાધિપતિ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદા, અતિ પ્રાચીન તેજસ્વી પ્રતિમા, અદભૂત અલૌકિક શાંતિદાયક એવં પરમ સિદ્ધિદાયક છે.

જન્મ કલ્યાણક પોષ દશમીની ઉજવણી નવયુગલ ચિ. તેજલ કરન નાગડા અને રોશની દીપાંશુ નાગડા તરફથી પંચ કલ્યાણક પૂજા અને પ્રભાવના સાથે અતિ ઉલ્લાસથી ભણાવવામાં આવ્યું.

'પક્ષીઓ તથા ઝાડો માટે દિવીમુખ ટપક સિચાંઈ પધ્ધતિ'

દિવીમુખ પધ્ધતિમાં પક્ષી પાણી પી રહ્યુ છે અને છલકાઈને
ટીપુ ટીપુ પાણી ઝાડના મૂળિયા વહી રહ્યું છે.

વધતી જતી ગર્મી (Global Warming) અને ધરતી જતી પ્રાકૃતિક સંપદા (Deforestation) ને ધ્યાનમાં રાખી પક્ષી તથા પ્રકૃતિ સંરક્ષણ અભિયાન ના ભાગ રૂપે તા. ૪/૬/૧૫ના કોચીન વિભિન્ન ગર્વમેન્ટ જગ્યાઓમાં સોળા (૧૬) ફળોના ઝાડો (ચીકું, પેરૂ, જાંબુ, આંબા, ઇન્ડિયન બદામ), જેના ફળો માત્ર પક્ષીઓ માટે અનામત રાખવામાં આવ્યા છે, એવી Name plate - Fruits for Bird Only સાથે વાવવામાં આવ્યા હતા, તેઓને વર્ષા સિઝન પછી પણ ઝાડો અને પક્ષીઓને એક સાથે પાણી મળી રહે એ માટે ૧૭/૧૨/૨૦૧૫ના દિવસે દિવીમુખ સિંચાઈ પધ્ધતિ Jain Foundation દ્વારા કરવામાં આવી છે, એ માટે ઝાડના Tree ગાર્ડ પર પાંચ ફુટ ઉપર ફીક્સ સ્ટીલ મગમાં સતત ટીપુ ટીપુ પાણી પડે એ રીતે નળ ફીટ કરવામાં આવ્યા છે અને મગમાંથી છલકાઈ ને પાણી ઝાડના મૂળીયામાં વહે. અને મગમાં ભરેલ પાણી કાળ ઝરતી ગરમીમાં પક્ષીઓ વારાફરથી તરસ છીપાવી શકે એવી દિવીમુખ ટપક સિંચાઈ પધ્ધતિ ભારતમાં પ્રથમવાર મુકેશ માણેકજી લોડાયા, જૈન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે.

ધરતી ની ઉપરના ઉપભોક્તા મનુષ્ય સાથે પક્ષીઓ પશુઓ પણ છે. આ પધ્ધતિનું ઉદ્ઘાટન ફોર્ટ કોચીના સબ કલેક્ટર શ્રી એસ. સુહાસ IAS, ના હસ્તે કરવામાં આવ્યું.

શ્રી પદ્મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી ટ્રસ્ટની સ્થાપના થયેલ. તેમજ પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટ વ્યવસ્થિત હવે આગળ વધી રહ્યો છે. બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતા : ૧) મણીલાલભાઈ હંસરાજ ભઠારા (હસ્તે - રૂપમભાઈ ભઠારા - ઘાટકોપર) ૨) મણીલાલ દામજી ધુલ્લા (હસ્તે- નયના અશોક લાપસિયા - મુલુન્ડ) ૩) શા. શામજી મુલજી પોલડીયા (પારોલા - બાયઠ) ૪) નવલબાઈ દામજી ધરમશી (વરલી - સુથરી) ૫) ડુંગરશી ધનજી દંડ (હસ્તે - મોંઘીબાઈ ડુંગરશી દંડ - હુબલી) ૬) રાજેશ શિવજી નરશી પોલડીયા (બેંકકોક - બાયઠ) ૭) ગિરીશ શામજી ભાટીયા (હસ્તે - સુશીલા ગિરીશ ભાટે - ચાલીસગામ - જખૌ) ૮) ગોવિંદજી જીવરાજ લોડાયા (સાયન) ૯) પ્રદીપભાઈ ઉમરશી મેપાણી (હસ્તે - ઉમરશી શામજી મેપાણી - વડાલા - પરજાઉ) ૧૦) દયમંતીબેન માણેકજી ડાઘા (હસ્તે - દક્ષા, હીના, ચારૂ, સીમા, હર્ષા - ડોંબીવલી - દલતુંગી) ૧૧) મિતા હિરાચંદ શાહ (હસ્તે - રતનબેન પોલડીયા - ચાલીસગામ) ૧૨) નવલબાઈ દેવજી પોલડીયા (ચાલીસગામ)

માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલયની છાત્રાઓનું નાટક

જામનગરના કન્યા છાત્રાલય દ્વારા શનિવાર, તા. ૨૩-૦૧-૨૦૧૬ના રોજ ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઘાટકોપર-મુંબઈ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં દીકરીઓ દ્વારા 'આખું આકાશ મારી આંખોમાં' નાટક ભજવવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા દીકરીઓમાં રહેલ કલા કૌશલ્ય અને હુન્નરની પ્રતિભાના દર્શન થશે.

નવા/બદલાયેલા સરનામા – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

નરેન પ્રવીણ શાહ	એ-૨૦૩, સિધ્ધી ટાવર, ભક્તિ મંદિર રોડ, પાંચપાખડી, થાણે (વે)-૪૦૦ ૬૦૨.
નલિન કેશવજી અજાણી (લોડાયા) **રાજેશ નલિન અજાણી**	દીના કુંજ, ૧લે માળે, પ્લૉટ નં. ૨૩/૧૦૧, મૈસૂર કોલોની, આર.સી.એફ. ગેટ નં. ૨ ની સામે, FCI, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૭૧.
પરેશ નલિન અજાણી (લોડાયા)	દીના કુંજ, ૨જે માળે, પ્લૉટ નં. ૨૩/૧૦૨, મૈસૂર કોલોની, આર.સી.એફ. ગેટ નં. ૨ ની સામે, FCI, ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૭૧.
શ્રીમતી લક્ષ્મી મણિલાલ મોમાયા	૮૦૧-૮૦૨, બી.પી.એસ. પ્રતિષ્ઠા, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
હેમેન્દ્ર પ્રેમજી લોડાયા	ફ્લેટ નં. ૩૦૧, સી-૧, લોક એવરેસ્ટ, જટાશંકર ડોસા રોડ, સીમેન્ટ કંપની રોડ, સીટી ઑફ જૉય સામે, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦.
હેતલ હિરેન દંડ	૩૦૧, મોહન સિધ્ધી કો.હા.સો., પ્લૉટ નં. ૨૪, ટીપીએસ ૩, ૬૦ ફીટ રોડ, શ્રીકાંત સર્કલ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
નિતીનકુમાર વિસનજી માલદે	૧/એ/૧૩૦૫, ધીરજ ડ્રીમ્સ, એપોલો મિલ કંપાઉંડ, એલ.બી.એસ. માર્ગ, ડ્રીમ મૉલ પાછળ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
ચેતના ભરત લોડાયા	બી/૨૩, સાંઈપ્રસાદ કો.હા.સો., ગિરિજા માતા મંદિર સામે, વૈભવ મંગલ કાર્યાલય સામે, જુની ડોંબીવલી રોડ, ડોંબીવલી (વેસ્ટ)
ઉમેશ પાસુભાઈ લોડાયા	એ-૦૦૪, લોટસ રેસીડન્સી, તુકારામ ચોક, દાવડી રોડ, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૩.
હંસકુમાર દામજી લોડાયા	એ-૪૦૨, શ્યામ વિહાર, રાંદલ માતા મંદિર પાસે, સમા-કેનાલ રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૪.

જીવનચક્ર

જન્મ

૧૬-૦૮-૧૫	મુલુંડ	મોક્ષ કૌશિકા પિયુષ ટોકરશી લોડાયા	કોઠારા	પુત્ર
૧૫-૧૦-૧૫	બેંગલોર	ઋત્વી સીમોની વિવેક ઉમેશ ધરમશી	સુથરી	પુત્રી
૧૯-૧૧-૧૫	બદલાપુર	સેજલ રોહિણી મનીષ યશવંત ખોના	મોટી ખાવડી	પુત્રી
૦૭-૧૨-૧૫	દેહૂ રોડ (પુણે)	રાજ નેહલ હર્ષ રમેશ નાગડા	તેરા	પુત્ર
૧૨-૧૨-૧૫	વાપી	ધ્રુતી નેહા રોહન ગીરીશ લોડાયા	રવા	પુત્રી

લગ્ન

૨૧-૧૨-૧૫	ભાંડુપ	ચાર્વીક નિતીન મણીલાલ મોમાયા	વરાડીયા	૨૬
	મુલુંડ	રશ્મી રમેશ મણસી પોલડીયા	ડૂમરા	૨૫
૩૦-૧૧-૧૫	વડાલા	તેજસ અરવિંદ ભાણજી લોડાયા	દલતુંગી	-
	વિદ્યાવિહાર	વિનલ પ્રતાપ વિકમશી	જખૌ	-

આંતરજ્ઞાતીય લગ્ન

૨૮-૧૨-૧૫	યૂએસએ	હર્ષ કૈલાશ જીવરાજ મોતા	કોઠારા	૨૪
	નાશિક	કોમલ કમલેશ અંબિકાપ્રસાદ યાજ્ઞિક	હળવદ	૨૪

મરણ

૨૨-૧૨-૧૫	બેંગલોર	લતા ખુશાલચંદ વિસનજી ધરમશી	સુથરી	૫૮
૩૧-૧૨-૧૫	સીરશી	મીના ડાહ્યાલાલ જીવરાજ મોમાયા	મોટી સિંધોડી	૬૧
૦૧-૦૧-૧૬	નાગપૂર	સુશીલાબેન માણેકચંદ ધનજી લાલકા	ધ્રાફા	૮૬
૦૨-૦૧-૧૬	મુલુંડ	જયાબેન વાલજી ઉમરશી મૈશેરી	જખૌ	૭૫
૦૨-૦૧-૧૬	ડોંબીવલી	જેતબાઈ હીરજી વેલજી લોડાયા	દલતુંગી	૮૪
૦૪-૦૧-૧૬	ડોંબીવલી	બંકિમચંદ્ર પ્રેમજી ગોશર	બારોઈ	૬૧

પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૧૦/૦૧/૧૯૪૦

અરિહંત શરણ :
તા. ૦૯/૦૧/૨૦૧૫

ગુલાબચંદ જેતશી ઠાકરશી ખોના

ગામ : મોટી ખાવડી, હાલ : દાવણગીરી

પળે પળે તમારી યાદ આવે છે,
યાદ આવી આવીને રડાવી જાય છે....
રાત્રી વિતી, દિવસો વિત્યા,
આજે વરસ પણ ગયું વિતી....
પરંતુ યાદ આજે પણ છે તાજી,
શમણું લાગે છે તમે અમારી વચ્ચે નથી,
પ્રભુ તમારા આત્માને ચિરશાંતિ આપે,
એજ અમારી અભ્યર્થના.

❖ સ્મરણકર્તા ❖

ધર્મપત્ની : હેમલતા ગુલાબચંદ ખોના
પુત્ર - પુત્રવધુ : નયના રાજેશ ખોના
નેહા ડેની ખોના
બિંદુ ભૈરવ ખોના
પૌત્ર : કરણ, વિકી, કુણાલ, પ્રણવ
પૌત્રી : અદિતી, દિશા

SANGAM DRESS LAND
Davangere
094481 15075 / 098803 03063

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – બેંગલોરના યજમાન પદે કે.ડી.ઓ. ગ્લોબલ સમિટ ઓન આઈ.ટી. એન્ડ ઈમરજીંગ બિઝનેસનો શુભારંભ

બેંગલોર મહાજનના પ્રમુખ શ્રી સતીશભાઈ શાહનું આવકાર પ્રવચન

ગ્લોબલ સમિટના દૃષ્ટા શ્રી તિલકભાઈ લોડાયાનું પ્રસ્તાવિક પ્રવચન

ગ્લોબલ સમિટના ઉદ્‌ઘાટક શ્રી નંદન નિલેકેનીનું પ્રારંભિક પ્રવચન

યુવા કેન્દ્રી આયોજનના ઈવેન્ટ પાર્ટનર થવાની ખુશી વ્યક્ત કરી રહેલા શ્રી હંસ ખીમજી

બે દિવસીય ગ્લોબલ સમિટની પૂર્વ સંધ્યાએ યોજાયેલ સ્નેહમિલન વખતે આત્મિયતા દર્શાવી રહેલ મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ મોતા, ઈવેન્ટ પાર્ટનર શ્રી હંસ ખીમજી અને બેંગલોર મહાજનના સેક્રેટરી શ્રી મિતેશ શાહ

પ્રારંભિક ઔપચારિક વિધીઓ વખતે ગ્લોબલ સમિટની પૂર્વ ભૂમિકા રૂપ નિતી ઉડાન વિશેની પુસ્તિકા પર નજર કરી રહેલા ઉદ્‌ઘાટક શ્રી નંદન નિલેકેની અને આયોજક મહાનુભાવો

EKTA LAND DEVELOPERS

જુગલ માણેકજી નાગડા
અંજાર : 08866692666
09978002772
ektaland@gmail.com

• એકતા નગર-૨ (રૂબી) લગભગ તૈયાર થઈ ગયેલ છે.
• રોડ, ડ્રેનેજનું કામ સંપૂર્ણ થઈ ગયેલ છે.
• પાણીનો બોર પણ તૈયાર
• ફક્ત ઈલેક્ટ્રીક કનેકશન ટુંક સમયમાં પૂર્ણ થશે.
• દસ્તાવેજનું કામ ૭૦% પૂર્ણ થઈ ગયેલ છે.

જવાહર રોડ, હોટલ દિશા પાસે, નલીયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧-૨૨૨૧૯૧
એકતા લેન્ડ ડેવલોપર્સ નવું નજરાણું ટુંક સમયમાં – એકતા ગેલેક્સી (N.A. PLOT)

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
Editor : Raichand R. Nagda

To,